Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૯ • અંક : ૯ • તા. ૨૯ ફેબ્રુઆરી ૨૦૧૬ થી ૦૬ માર્ચ ૨૦૧૬ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## શ્રી ક.દ.ઓ. મંડળની પ્રથમ ટ્રેડ કમ ફન ફેર ની બોલતી તસ્વીરો














# હાર્દિક અભિનંદન

## તે ખૂબ વધારી સમસ્ત પરિવારની શાન



**કુ. પલક મુકુંદ દંડ (CA-CS)**

જન્મ: ૬-૫-૧૯૯૦

ગામ: લાલા-નાંદગાવ, હાલ: મુંબઈ

કુ. પલક દંડ એ CA-CS પાસ કરી
પોતાની શૈક્ષણિક કારકીર્દી યશસ્વી બનાવી છે.
ઉજ્વળ ભવિષ્યની શુભેચ્છા !

માતા-પિતા : ગુંજન મુકુંદ દંડ
દાદાણા : ગં.સ્વ. ચંદનબેન શાંતિલાલ દંડ
સ્વ. સૌ. રમબાઈ ગોવિંદજી દંડ (નાંદગાવ)
નાનાણા : સૌ. લીલાબાઈ લક્ષ્મીચંદ લાપસીયા (જલગાવ)
ભાઈ-ભાભી : સૌ પૂજા સિધ્ધાર્થ દંડ (પૂના)

સૌજન્ય
મે. લક્ષ્મી ઓઈલ મીલ્સ (નાંદગાવ-નાસીક)
ટે. ૦૨૫૫૨-૨૪૨૨૨૫ મો.: ૦૯૪૨૨૨૭૩૪૨૨

## દંડ તથા શાહ પરિવારનું ગૌરવ





અભિનંદન

**અ.સૌ. પુનમ અંકર શાહ - નેરૂલ, નવી મુંબઈ**

*Congratulations*

For Wining Gold Medel, Trophy and Certificate for DMS Seminar Championship 2015-2016 presentation Compitition was held at company level.

**e CLERX SERVICE LTD.**

ભવિષ્યમાં વધુને વધુ સફળતા મેળવે એવી
હાર્દિક શુભકામના સહ...

* શુભેચ્છક *

માતા-પિતા : ચેતનાબેન ભરતભાઈ દંડ (સેવક ભરૂડીયા)
સાસુજી-સસરાજી : સંગીતાબેન શરદભાઈ શાહ (પેથાપુર)
એવમ સમસ્ત પરિવારના જય જિનેન્દ્ર

## રાયપુરમાં શ્રી લાલજી ઘેલાભાઈ શાહ શ્રીમતી માધુરીબેન લાલજી શાહ સ્મૃતિમાં ''જ્ઞાનોદય ભવન''નું લોકાર્પણ



શ્રી ગુજરાતી શિક્ષણ સંઘ, રાયપુર દ્વારા શ્રી લાલજી ઘેલાભાઈ શાહ અને માતુશ્રી માધુરીબેન લાલજી શાહની સ્મૃતિમાં તેમના પરિવાર દ્વારા અપાયેલ મુખ્ય દાનથી નવનિર્મિત 'જ્ઞાનોદય ભવન' (ઓડીટોરિયમ) સાંસ્કૃતિક સહ ક્રીડા ભવનનું લોકાર્પણ તા. ૧૩/૨/૨૦૧૬ના શુભદિને મુખ્ય અતિથિ છત્તીસગઢના માનનીય મુખ્યમંત્રી ડૉ. રમન સિંહજી, અન્ય મહાનુભાવો તેમજ અને મુખ્ય દાતા પરિવાર શ્રી લાલજી ઘેલાભાઈ શાહના સુપુત્ર ડૉ. ધીરેન શાહ, સુપુત્રી શ્રીમતી ભારતી પી. નાગડા અને પરિવારના અન્ય સભ્યોની ઉપસ્થિતિમાં થયેલ.

અનુસંધાન પાના નં. ૪ પર



**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''

ડૉ. વેલજી પાસ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

સહ તંત્રી :

ચંદ્રસેન મોમાયા

મો. 9324618606

**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા

રાયચંદ રતનશી નાગડા

શરદ કાંતિલાલ શાહ (નાગડા)

કેશરસિંહ આણંદજી ખોના

તિલકચંદ કુંવરજી લોડાયા

કિરીટ ખેતશી મુનવર

કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

હિરાચંદ દામજી દંડ

પંકજ પ્રતાપ શાહ

ચંદ્રસેન હીરાચંદ મોમાયા

શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા

**અંક નં. 09/2016**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**C/o. Shri R. R. Nagda, Advocate High Court**

29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિના આદ્ય ગૌરવ

લેખક – **ખીમજી હીરજી છેડા**, ('**પ્રકાશ**'ના ડિસેમ્બર ૧૯૪૩ના અંકમાંથી)

આપણી કામના આદ્ય પુરૂષ પ્રાતઃસ્મરણીય શેઠ નરસી નાથા, ઈ.સ. ૧૭૯૯માં જ્યારે પહેલ વહેલા મુંબઈ આવ્યા ત્યારે મુંબઈની વસ્તી માછીમારો સિવાય થોડાક હિન્દુઓ અને પારસીઓની હતી. ત્યારબાદ મુંબઈમાં આપણી જ્ઞાતિનું થોડું થોડું આવાગમન થયું.

આપણી જૈન કોમમાં શેઠ પ્રેમચંદ રાયચંદ લાખોની સખાવત કરી અમર નામ કરી ગયા છે. તેમજ શેઠ કેશવજી નાયકે પણ લાખોની સખાવત કરી છે. છપન્ન લાખ રૂપીયા તો જૈન તીર્થોમાં ખર્ચાયાના આંકડા મળે છે.

આપણી કોમની જ્યારે પુર્વે જાહોજલાલી હતી ત્યારે સોનું (Gold) તોલાઓ લેખે નહિ પણ રતલના હિસાબે ખરીદ કરતા હતા. હજી વર્તમાનમાં પણ હજારો તોલા સોનું ધરાવનાર ઘણા કુટુંબો આપણી જ્ઞાતિમાં છે.

આપણી જ્ઞાતિના શેઠ નરસી નાથાની જુનામાં જુની ચેરીટી કે જેને આજે (ઈ.સ.૧૯૪૩ના અંતમાં) લગભગ સો વરસ થઈ ગયાં હશે. તે ચેરીટી વાર્ષિક રૂપીયા બારથી પંદર હજાર સાર્વજનિક દાન ખાતે ખરચી રહી છે. સો વરસનો દાનનો હિસાબ ગણવા બેસીએ તો લાખો રૂપીયા થવા જાય.

આજથી સીતેર વરસ ઉપર વિલાયતમાં ઓફિસ ખોલનાર આપણી કોમના શેઠ ત્રીકમજી વેલજી માલુ હતા. આખી આપણી જૈન કોમમાં પહેલ વહેલા સરનાઈટ તરીકે આપણીજ કોમના શેઠ વસનજી ત્રીકમજી હતા. આખી આપણી જૈન કોમમાં પહેલ વહેલા મુંબઈ મ્યુનીસીપાલીટીના કોરપોરેટર તરીકે આપણીજ કોમના શેઠ ત્રીકમજી વેલજી માલુ હતા. અનેક મીલોના અને બેંકોના ડાયરેક્ટર તરીકે આપણીજ કોમના શેઠ નરસી કેશવજી નાયક હતા. મુંબઈની સ્મોલકોર્ટના ન્યાયાસન પર બિરાજનાર, મુંબઈના જડજ તરીકે સુપ્રસિધ્ધ થનાર આપણીજ કોમના લખમશી હીરજી મૈશેરી હતા.

સાહિત્યમાં પણ આપણે ઓછો હિસ્સો આપ્યો નથી. પૂર્વે જ્યારે મુદ્રણકળા પ્રકાશમાં ન આવી હતી ત્યારે આપણા શેટ ભીમશી રતનસીએ અનેક લહીઆઓ બેસાડી, લાખો રૂપીઆ ખરચી જૈન સિધ્ધાંતોના ઉધ્ધાર કરાવી અનેક જૈન ગ્રંથો ઉતરાવ્યા હતા. તેમ ગચ્છાભિમાની શેઠ માણેક ચાંપશીએ અચલગચ્છના અનેક પુસ્તકોના ઉતારા કરાવ્યા હતા.

શ્રાવક ભીમસિંહ માણેકની સેવા જૈન કોમથી અજાણી નથી. શ્રાવક ભીમસિંહ માણેક જૈન સાહિત્ય મુદ્રિત કરવામાં જે સેવા બજાવી છે તેથી ખરેખર જૈન કોમ ઋણી ગણાય, કારણ કે તે સમયમાં હસ્તલિખિતના અભાવથી લોકોને ધર્મશાસ્ત્ર યાને પુસ્તકો જાણવાને બહુજ કઠીનતા હતી, તેવા સમયમાં શ્રાવક ભીમસિંહ માણેકે યતિઓ પાસેથી લાખો રૂપીયા ખરચી હસ્તશાસ્ત્રો ખરીદ કર્યો હતા. શ્રાવક ભીમસિંહ માણેક સંસ્કૃત અને પ્રાકૃતના જાણકાર હોવા સાથે અનેક આચાર્યો અને શ્રીપુજોના પરિચયી હતા, જેથી શુદ્ધ સંશોધન કરી આપણી કોમને અનહદ ઉપકાર કર્યો છે.

તેવીજ રીતે શ્રીયુત શિવજી દેવશીએ વિદ્યા પ્રસારક સભા તરફથી સાહિત્યની સેવા બજાવી છે.

## મુલુન્ડમાં શ્રી વાલજી લધાભાઈનું સ્તુત્ય કાર્ય

મુલુન્ડમાં જ્ઞાતિમાં જાણીતા શ્રીમંત અને મધ્યમ વર્ગના કુટુંબો માટે પડતર ભાવે અને હમણાં તો નુકશાની વેઠીને પણ અનાજ પુરું પાડવાની યોજના કેટલાક સમયથી ચાલુ કરવામાં આવી છે. શ્રી વાલજી લધાભાઈની આ સુંદર અને સ્તુત્ય યોજના અનેકને આશીર્વાદ સમાન નીવડી છે. મુલુન્ડમાં આવી યોજના ઉપરાંત પોતાને ત્યાં નોકરી કરતા જ્ઞાતિબંધુઓને પણ તેઓએ સારી જેવી રાહત આપી છે. પેઢીના દરેક નોકરને મોટી રકમનું બોનસ આપેલ છે. તેમજ શહેર પર આફત આવી પડે તો મુલુન્ડ ખાતે પોતાને ત્યાં કામ કરતા ભાઈઓને આશ્રયસ્થાન માટેની વ્યવસ્થા રાખી છે. આવા ગુપ્તદાન દ્વારા સારી જેવી સહાય કરી રહ્યા છે. શ્રી વાલજીભાઈને તેમના આવા જનોપયોગી નિસ્વાર્થ કાર્ય માટે જેટલી મુબારકબાદી આપીએ એટલી કુછબિસાત છે. જ્ઞાતિના અન્ય શ્રીમંતો અને વેપારીઓ શ્રી વાલજી લધાભાઈના આ ઉમદા કાર્યનું અનુકરણ કરશે કે ?

'**પ્રકાશ**'ના ૧૯૪૨ના એક અંકમાંની નોંધ

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ-મુંબઇ

## વ્યવસ્થાપક સમિતી માટે ચૂંટણીનો કાર્યક્રમ

ચુંટણી માટે **ઉમેદવારી પત્ર વિતરણ** તા. ૨૧.૦૩.૨૦૧૬ થી ૨૩.૦૩.૨૦૧૬ના કાર્યાલયમાં થશે. સાંજે ૭.૩૦ થી ૮.૩૦ દરમ્યાન અને એજ દિવસે ઉમેદવારી પત્ર ભરીને આપી શકાશે. ઉમેદવારી પત્ર પાછું ખેંચવાની તા. ૨૫.૦૩.૨૦૧૬ અને ઉમેદવારોની આખરી યાદી એજ દિવસે રાત્રે ૭.૩૦ થી ૮.૩૦ ના દરમ્યાન કાર્યાલયમાં જાહેર થશે.

જો જરૂરી બેઠકોથી વધુ ઉમેદવારી પત્ર આવેલ હશે તો ચુંટણી મતદાન તા. ૨૭.૦૩.૨૦૧૬ ના બપોરે ૨ થી ૬ દરમ્યાન સંઘના કાર્યાલયમાં કરવામાં આવશે અને એજ દિવસે ૭ વાગ્યા પછી ગણતરી ચાલુ કરવામાં આવશે. ત્યારબાદ ચુંટણી સંબંધી ચુંટણી અધિકારીઓના નિર્ણય આખરી અને સર્વ માન્ય રહેશે.

**શ્રી ભરત શામજી છેડા (ચુંટણી અધિકારી)**

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## રાયપુરમાં શ્રી લાલજી ઘેલાભાઈ શાહ શ્રીમતી માધુરીબેન લાલજી શાહ સ્મૃતિમાં ''જ્ઞાનોદય ભવન''નું લોકાર્પણ

બીજા કલર પેજ પરથી ચાલુ

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન માટે ગૌરવની વાત છે કે જ પરિવાર ૬૦-૭૦વર્ષો થી શિક્ષાના કાર્યમાં લગાતાર મુખ્ય ભૂમિકામાં રહેલ છે. (શ્રી લાલજીભાઈ શાહ શ્રી ગુજરાતી શાળાના પ્રથમ પાયાના પત્થર હતા અને તેઓ રાયપુરની પ્રતિષ્ઠિત શિક્ષણ સંસ્થા શ્રી દુર્ગા એજુકેશન સોસાયટી દુર્ગા કૉલેજના લાંબા ગાળા સુધી અધ્યક્ષ પદે રહ્યા) તેવા દાનદાતા પરિવારે આ નવ નિર્મિત ભવનમાં ૩૫ લાખનો બહુમુલ્ય યોગદાન આપેલ. તેમણે સમય-સમય ઉપર પહેલા પણ ૧૧ લાખ શ્રી ગુજરાતી શિક્ષણ સંઘને આપેલ છે.

આ ભવન વીસ હજાર વર્ગફીટ જમીનમાં નિર્મિત છે. ૧૨૦૦ માણસોની બેઠક વ્યવસ્થાવાળુ આ ભવન મલ્ટી યુજ સાથે ફૂલી એયર કૂલ્ડ છે. જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે ઈન્ડોર ક્રીડા ૧૧ કલાસ રૂમ, ૪ સર્વસુવિધા સાથેની પ્રયોગશાળાઓ છે. આ ભવન સમ્પૂર્ણ સમાજના દાનની રકમથી નિર્મિત છે. જેનું મૂળ રોકાણ જમીનને બાદ કરતા લગભગ ૬.૫૦ કરોડનું થશે.

**નોંધ :** શ્રી લાલજી ઘેલાભાઈ શાહ (શિયાળ-જખૌ-રાયપુર) પ્રકાશની સમિતિના સક્રીય સભ્ય હતા.

કલા - કસબ અને કલરનો
અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574
રવિવારે બંધ
Originally at Zaveri Bazar since 1976

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા


Blue Birds School
We just don't teach, we educate
Blended Schooling
Moral Values, Ethics & Cultural Training
Comprehensive Curriculum
Sports & Games
Latest Teaching Aids Equipments
Brain Teasing Activites
Field Trips & Exciting Celebrations
Mathematics & Science Projects
Students Teachers Ratio 25:1
Well Stocked Library
Upgraded Laboratories
Art & Craft Workshops
Debates & Dramatics
Experienced & Well Trained Teachers
Transportation Facility
Additional Languages : French, German, Sanskrit
Computer Education / Uc Maths / Abacus
ADMISSION OPEN
Std. I to X (SSC)
Day Care, Playgroup
Nursery, Jr. Kg. & Sr. Kg.
0251-2883058 / 8097013853 / 8080613853 / 7506177005 / 06
Tri-Geetanjali, Shanti Nagar, Near Pandurangwadi Jain Temple, Dombivli (E)
E-mail : BlueBirdsSchool99@gmail.com
WWW.sanskargurukul.com



## પ્રશ્નો આપણા/આપના : માર્ગદર્શન પૂજ્ય જયદર્શિતાશ્રીજીનું

**પ્રકાશ સમીક્ષાના આમંત્રણથી પૂ.સા.શ્રી ડૉ. જયદર્શિતાશ્રીજી મ.સા.એ ધર્મ અંગે સાચી સમજ કેળવવા ઈચ્છતા શ્રાવક-શ્રાવિકાઓ માટે તેમના પ્રશ્નોના સરળ ઉત્તર આપવાનું સ્વિકાર્યું છે. જ્ઞાતિજનોને તેમના ધર્મ જ્ઞાનનો પુરો લાભ લેવા નમ્ર વિનંતી.**

શ્રાવક-શ્રાવિકાઓને પોતાના પ્રશ્ન પ્રકાશ સમીક્ષાની ઓફિસને સરનામે કે E-mail ID : kdoprakash@gmail.com પર મોકલવા, જેના ઉત્તર તેની અગત્યતા પ્રમાણે અપાશે.

### સાતમી અષ્ટમંગલ પૂજા

**પ્રશ્ન - સાતમી અષ્ટમંગલ પૂજા શા માટે તથા કેવી રીતે કરવાની છે ?**

**ઉત્તર** - ઘર ઘરમાં મંગલ થાય એવા માંગલિક ભાવે સાથે અષ્ટમંગલ પૂજા કરવાની છે. જેમને અષ્ટમંગલ આલેખતાં આવડતા હોય, એમણે પરમાત્માની સામે ચોખાથી અષ્ટમંગલ આલેખવાના છે. અષ્ટમંગલના નામ આ પ્રમાણે છે - (૧) સ્વસ્તિક (૨) શ્રીવત્સ (૩) કુંભ (૪) ભદ્રાસન (૫) નંદાવર્ત (૬) વર્ધમાન સંપુટ (૭) મીનયુગલ અને (૮) દર્પણ. જેમને અષ્ટમંગલ આલેખતા ન આવડતાં હોય એમણે દેરાસરમાં રહેલી અષ્ટમંગલની પાટલી પ્રભુ સમક્ષ ફેરવીને સામે મુકવાની હોય છે. અષ્ટમંગલની પાટલીમાં રહેલા અષ્ટમંગલની પૂજા કરવાનો કોઈ વિધિ નથી.

ઈન્દ્રાદિ પરમાત્મા સમક્ષ અષ્ટમંગલ આલેખે છે. અષ્ટકર્મ નિવારનાર તથા સર્વ પ્રકારના આ મંગળને દૂર કરનારી અને ઘર ઘર મંગળ કરનારી અષ્ટમંગલ પૂજા છે.

**પ્રશ્ન : ઉપરોક્ત અષ્ટમંગલમાં શેની વિશેષતા છે ?**

**ઉત્તર** - પ્રત્યેક મંગલમાં ભૌતિક એવં અધ્યાત્મિક મંગલતા રહેલી છે. સંસારીક કાર્યોમાં સ્વસ્તિક, કુંભ, નંદાવર્ત અને વર્ધમાન સંપુટ માંગલિક રૂપે ઉપયોગમાં લેવાય છે, એની આપણને જાણકારી છે. સંસારમાં આ અષ્ટમંગલ ઋદ્ધિ-સિદ્ધિ અને શાંતિને દેનારા છે. અધ્યાત્મિક માર્ગે આ અષ્ટમંગલ સર્વ પ્રકારના વિઘ્નોને દૂર કરનાર અને આત્મગુણોની વૃદ્ધિ કરનાર છે.

શ્રીવત્સ પરમાત્માના કરૂણા ભરપૂર હૃદયના પ્રતિકરૂપ છે અને સાધકને કુરૂણાથી હૃદયને છલકાવવાનો માર્ગ ચિંધે છે.

## રંગપુર નગરે ધ્વજારોહણ

**મંગળવાર, તા. ૧૭-૫-૨૦૧૬**

આપને સુવિદિત છે તેમ શ્રી રંગપુર (જી. જામનગર)ના શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જિનાલયની સાલગીરી વિ.સં. ૨૦૭૨ વૈશાખ સુદ ૧૦ને સોમવારે, તા. ૧૭-૫-૨૦૧૬ના શુભ મુહૂર્તે નિર્ધારી છે. તા. ૧૬-૫-૨૦૧૬ના અઢાર અભિષેક કરવામાં આવશે.

આ ધ્વજારોહણનો લાભ શ્રી સંઘ વતી આમ રંગપુરવાસી રૂા. ૧૧,૦૦૦/-નો નકરો લખાવી ‘વહેલો તે પહેલો’ ના ધોરણે લઈ શકશે. મુખ્ય ધ્વજા સિવાય અન્ય રંગમંડપની ૪ ધ્વજા તેમજ ગુરૂમંદિરની ધ્વજાનો આદેશ રંગપુર મુકામે તા. ૧૭-૫-૨૦૧૬ના સત્તરભેદી પૂજા સમયે ઘી બોલી બોલાવી આપવામાં આવશે.

શ્રી સંઘ વતી બને દિવસે સાધર્મિક ભક્તિ રહેશે. સંપર્ક : શ્રી નીતીનભાઈ ધરમશી - મો. 098929 50814

આપ સૌ રંગપુરવાસી તેમજ નિયાણ બહેનો આ પ્રસંગે પધારી પુણ્યાનુબંધીપુણ્યનું ઉપાર્જન કરશો તેવી અભ્યર્થના.

લી.

**શ્રી રંગપુર ક.દ.ઓ. જૈન**
**શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દહેરાસરજી અને મહાજનવાડી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને કારોબારી સભ્યોના જય જિનેન્દ્ર**

## મોડપર જિનાલય ધ્વજારોહણ

**જાહેરાત - ભુલ સુધારો**

**શ્રી ક. દ. ઓ. પ્રકાશ સમીક્ષા**
**અંક - ૭, તા. ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૬**
**થી ૨૧ ફેબ્રુઆરી ૨૦૧૬ના પાના નં. ૯**

મહોત્સવ - ધ્વજા મહોત્સવના લાભાર્થી પરિવાર
૯૯ ઈંચના વિરાટ શ્રી આદેશ્વર દાદા જિનાલય ધ્વજા

**માતુશ્રી નવલબેન મણીલાલ પદમશી દંડ**
**પરિવાર (સેવક ભરૂડીયા-મુલુન્ડ)**
**હસ્તે : અ.સૌ. હેમલતા મહેન્દ્ર**
**અ.સૌ. ઉર્મીલા અશોક**
**અ.સૌ. સંગીતા રાજેશ**
**અ.સૌ.સંગીતા કિશોર લાપસીયા**

લી. મોડપર સુપાર્શ્વનાથ શ્વેતાંબર મૂ.જૈન દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ

|| જય શ્રી ગોડિયા પાર્શ્વનાથ ||




# Congratulation !



We

the Chancellor, Vice-Chancellor

and

Members of the Management Council

confer the Degree of

**MASTER OF ARTS**

**on**

**LALKA FORUM VIRCHAND MEETA**

of University Department of Applied Psychology

in the subject of PSYCHOLOGY (PRINCIPAL)

in the **'A' Grade**

for the examination held in APRIL 2015

**શુભાશિષ :**

**નાનાણાં : માતુશ્રી તારાબાઇ માણેકજી મોતા, (રાપરગઢવારી)**

**દાદાણાં : માતુશ્રી હીરબાઇ કુંવરજી (માસ્તર) લાલકા (વારાપધ્ધર)**

ભદ્રાસન આત્મા શહેનશાહ છે... રાજાધિરાજ છે... આત્માનંદિ સદા ત્રિલોક વિજેતા છે. તે જણાવે છે આત્મ સમૃધ્ધિની ઓળખાણ કરાવે છે. મીનયુગલ, ભવસાગરને તરવા માટેનો માર્ગ દર્શાવે છે. આસક્તિનો ત્યાગી જ ભવસાગર તરી શકે એમ સમજાવી આસક્તિ મૂક્ત બનવાનો સંદેશ આપે છે. દર્પણ, બાહેરાત્મ દશામાંથી અંતરાત્મ દશામાં લઈ લઈ આત્માના સાચા સ્વરૂપના દર્શન કરાવી...-આત્માનુભૂતિ કરાવી... સમ્યગ્દર્શનનું મહામુલું સ્વરૂપ પ્રગટાવે છે.

અષ્ટમંગલના ભૌતિક - અધ્યાત્મિક સહસ્યોને વિસ્તારથી જાણી સમજી જે સાધક જિનેશ્વર સમક્ષ અષ્ટમંગલ આલેખે છે તે પદ -પદ સિધ્ધિ પામી.. પરમાત્મ ધ્યાન દ્વારા આત્માને પરમાત્મા બનાવે છે. દેહ મંગલ... ગૃહ મંગલ... વ્રત મંગલ... આત્મ મંગલ પામતા મોક્ષ મંગલને આદરી સિધ્ધ-બુધ્ધ નિરંજન નિરાકાર એવા પોતાના સ્વસ્વરૂપને પામી સદા મોક્ષાનંદમાં મહાલે છે.

**પ્રશ્ન - શું જુદા જુદા મંત્રોના જાપ માટે જુદી જુદી આગળીઓથી જાપ કરવો જોઈએ ?**

**ઉત્તર -** મંત્રની સફળતા માટે અનેક કારણો અને વિધિઓ જણાવવામાં આવી છે. એમાં કેટલાક સ્થાને જાપ માટેની વિશિષ્ટ આંગળી જણાવી છે. તે સામાન્યતાથી આ પ્રમાણે છે -

- મધ્યમા આંગળીથી જાપ કરવાથી દ્રવ્ય પ્રાપ્તિ થાય છે.
- અનામિકા આંગળીથી જાપ કરવાથી ઘરમાં શાંતિ થાય છે.
- કનિષ્ટા આંગળીથી જાપ કરવાથી શત્રુઓ શરણે આવે છે.
- ચાર આંગળી ઉપર નવકારવાળી રાખીને અંગુઠાથી ગણવાથી અથવા અંગુઠા ઉપર નવકારવાળી રાખીને પાસેની તર્જની આંગળીથી ગણવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન - શું જુદી જુદી નવકારવાળી ગણવાથી જુદું જુદું ફળ મળે છે ?**

**ઉત્તર -** ઉપકરણ શુદ્ધિની અપેક્ષાએ વિવિધ નવકારવાળીના ફળમાં ભિન્નતા જણાવવામાં આવી છે. જે સંક્ષેપથી નીચે મુજબ છે -

- વિદ્રુમ અને રક્તરતાંજલીની માળા ગણવાથી એક હજાર નવકારનું ફળ થાય છે.
- સ્ફટિક રત્નની માળા ગણવાથી દશ હજાર નવકારનું ફળ મળે છે.
- મોતીની માળા ગણવાથી લાખ નવકારનું ફળ મળે છે.
- ચંદનની માળા ગણવાથી ક્રોડ નવકારનું ફળ મળે છે.
- હેમ (સોના)ની માળા ગણવાથી દશ ક્રોડ નવકારનું ફળ મળે છે.
- કમલબંધની માળા ગણવાથી ક્રોડ ક્રોડ નવકારનું ફળ મળે છે.
- રૂદ્રાક્ષની માળા ગણવાથી અસંખ્ય નવકારનું ફળ મળે છે.
- સૂત્ર (દોરા)ની માળા ગણવાથી સંપૂર્ણ ફળની પ્રાપ્તિ થાય છે.

એથી આપણે નવકારની સાધના સમજીને સાચી વિધિ પૂર્વક કરવાની છે... જેથી નવકારના જાપમાંથી નવકારના ધ્યાનમાં પ્રવેશ કરી, જીવનને પંચપરમેષ્ઠિમય બનાવી આત્મકલ્યાણના માર્ગ ઉપર અગ્રેસર બનવા માટે ઉગ્ર પુરૂષાર્થ આદરવાનો છે.

## ગામેગામ લઈએ કચ્છની ધજાની મોંઘેરી મજા




ધીંગી ધરા કચ્છના અબડાસા તાલુકાના ગામેગામ અંબરને આંબતા ઉત્તુંગ જિન મંદિરો વડીલોએ સ્વ અહિંસક લક્ષ્મીએ નિર્માણ કર્યા. હર જિનાલયોનો જાજરમાન ઈતિહાસ. સૌ જ્ઞાતિજનો ઈચ્છા કરે કે પર્યુષણ પર્વ આરાધના ગામમાં કરીએ પણ સમય અને સંજોગો સૌને સતાવે ! થોડાક જ્ઞાતિજનો અવશ્ય જાગૃત થઈને જાય છે. પણ જિનાયલની ધજાએ તો જઈ શકીએ ને ? પર્વના તીથીવાર, તારીખ એક જ પણ ધજાની તો અલગ અલગ છે. પણ (બધા ગામના જ્ઞાતિજનો) રાપરગઢવારીવાળાની જેમ નથી જતા... નથી જવાતું.

મોટા ભાગના ગામમાં જિનાલય નિર્માણકર્તાના વંશજોને ધજા ફરકાવવાનો હકક્ અપાયો છે, જે ઉચિત પણ છે. કદાચ તેમનાં વંશજો પણ દર વરસે નહીં જઈ શકતા હોય. તેઓ થોડીક મનની મોકળાશ અને છુટછાટે પોતાની સાથે અન્યોને પણ લાભાર્થી બનાવે તો ? જે તે ગામના જ્ઞાતિજનો પર્વ સાથે ધજા મહોત્સવે વિશેષ સંખ્યામાં જાય તો ગામ સાથે અટેચમેન્ટ થઈ શકે. દેવદ્રવ્યની વૃદ્ધિ સાથે ગામના પ્રભુ, ગામ અને વતન સાથે લગાવ થાય. સ્થાનિકે ધજાની ઉછામણી લોક વસતી સિવાય, ક્યાંથી થાય ? માટે સૌએ શક્ય હોય તો ત્યાં જવું જ જોઈએ.

- **લહેરચંદ વેલજી મૈશેરી,** ભાંડુપ

શુભેચ્છા સહ.....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
અંબા શીપીંગ એજન્સીઝ
૪૦૧, રાજગોર ચેમ્બર્સ,
૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.

શુભેચ્છાઓસહ *Laxmichand Dharshi Mota*
MOTA SHIPPING AGENCY
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

## વહીવંચા અને આપણો ઈતિહાસ - ભાગ ૨

**રમેશ મુલજી લોડાયા** - ભરૂડિયા, મુલુંડ - 098203 36767

આ એક પ્રાકૃતિક સત્ય છે કે સૂર્ય ઉદય થયા બાદ પોતાની અવધિ પછી અસ્ત થઈ જાય છે. તેવી રીતે સંસારચક્રમાં કઈ જાતિઓ, સમાજો, રાષ્ટ્રોના પણ ઉદય-અસ્ત, ઉત્થાન તથા પતન થયા કરે છે. પતનનાં ઘણા કારણોમાં પ્રમુખ કારણ પોતાના પ્રતાપી પૂર્વજાનો ગૌરવમય ઈતિહાસને ભુલી જવો તે છે.

જ્ઞાતિ ઈતિહાસ એટલે આપણાં પૂર્વજોના ભૂતકાલીન સદ્ચરિત્ર, એમની વીરતા, ધૈર્યતા, ઉદારતા, દેશસેવા, જ્ઞાતિસેવા, એ વખતની ધાર્મિક તેમજ રાજકીય પરિસ્થિતિ, એમનાં સંઘર્ષો અને એમની સામે ઝઝુવાની શક્તિઓ, તે સમયના હુન્નર ઉદ્યોગ, શિલ્પ, કલા અને રીત રિવાજોને જાણવા. પરંતુ આ વસ્તુને ગઈ ગુજર વાતોને નકામી સમજી કોઈ જાણવા માંગતું નથી. એક અંગ્રેજ વિદ્વાને કહ્યું છે કે 'જો આપ કોઈ જાતિ અને સમાજને નષ્ટ કરવા ચાહતા હો પહેલા તેનો ઈતિહાસ નષ્ટ કરી નાખો. જેના નષ્ટ થવાથી તે જાતિ સમાજ પોતાની જાતે જ નષ્ટ થઈ જશે' વિના ઈતિહાસ આપણે ક્યારે નહીં જાણી શકીએ કે ક્યા ક્યા કારણોથી આપણી જ્ઞાતિનું ઉત્થાન કે પતન થયું હતું અને આપણે ક્યા ક્યા ઉપાયો કરવા જોઈએ જેથી ફરીથી પુનઃ ઉત્થાન થઈ શકે.

અગાઉનાં લેખોમાં આપણે જોયું કે કેવી રીતે મજૂરી કરનાર એક (ક.દ.ઓ.) જ્ઞાતિ ખૂબ જ ટૂકાં સમયમાં સમૃધ્ધિમાં શિખરે પહોંચી ગઈ. સત્કાર્યામાં કરોડો રૂપિયા વાપર્યા અને માત્ર થોડા વરસના સમયમાં ઉંચા સ્થાનેથી સટ્ટાની ખરાબ ટેવથી ટોચ પરથી નીચે ફેંકાઈ ગઈ.

ઈતિહાસ જાણવાના ઘણા સાધનો છે. (૧) ગ્રંથો (૨) મંદિર - મૂર્તિ લેખો, શીલા લેખો, તામ્રપત્ર, દાનપત્રો, સનદો, ફરમાનો (૩) પટ્ટાવલિઓ જેમાં ગુરૂ, શિષ્યો અને એમની સાથે સબંધ રાખનારા શ્રાવક-શ્રાવિકાના કાર્યોની નોંધો (૪) વંશાવલિઓ. જો આ પટ્ટાવલિઓ અને વંશાવલીઓને ન સ્વીકારીએ તો એવું કોઈ સાધન નથી જેના દ્વારા આપણાં પૂર્વજોનો ઈતિહાસ જાણી શકાય. આ બધા સાધનોમાંથી વહીવંચા/બારોટ/ભટોની વહીઓમાં રહેલ આપણો ઈતિહાસ જાણવાનો મારો એક પ્રયાસ છે.

પંડિત હીરાલાલ હંસરાજ લાલનની નોંધ મુજબ ભીન્નમાલના રાજા ભાણે (વિક્રમની ૮મી સદીમાં) જૈન ધર્મ સ્વીકાર્યા પછી શત્રુંજયનો સંઘ કાઢ્યો. એ સમયે તેના સંઘપતિને વાસક્ષેપ કોણ આપે તે બાબત વિવાદ થયો. એ વખતે તમામ ગચ્છોના આચાર્યોએ ભેગા મળી એક મર્યાદા કાયમ કરી કે જે ગચ્છના આચાર્યોએ જે લોકોને પહેલા પ્રતિબોધી અજૈનમાંથી જૈન બનાવ્યા તે જ ગચ્છનાં આચાર્ય તેમને તીર્થ/સંઘ આદિ પ્રસંગે વાસક્ષેપ આપી શકશે. આ આચાર્ય તેમના કુલગુરૂ રહેશે.

---



|| શ્રી ગોડીયાજી પાર્શ્વનાથાય નમઃ ||



## કચ્છ રાપરગઢવારી તીર્થે શ્રી ગોડીચાજી પાર્શ્વનાથ જિનાલચના ધ્વજા મહોત્સવનું આગોતરું આમંત્રણ

આપણા જિનાલયનો આવતો ધ્વજા મહોત્સવ વિ. સં. ૨૦૭૨ના જેઠ સુદ દસમ

**મંગળવાર, તા. ૧૪-૦૬-૨૦૧૬ના દિવસે નિર્ધારીત છે.**

સર્વે ગામવાસીયો તથા નીયાણી બહેનોને સહકુટુંબ માદરે વતન પધારવા ભાવભર્યું આમંત્રણ.

''ધ્વજારોહણ''નો લાભ **માતુશ્રી વાલબાઈ લખમશી ધરમશી**, નાની સિંધોડી હસ્તે **સોમચંદભાઈ** એ લીધેલ છે.

### ❖ કાર્યક્રમની અંદાજીત રૂપરેખા ❖

| | |
|---|---|
| તા. ૧૨/૬/૨૦૧૬ | સાંજે મુંબઈ થી પ્રયાણ |
| તા. ૧૩/૬/૨૦૧૬ | સવારના કચ્છ આગમન |
| | બપોરે ૨.૦૦ વાગે અઢાર અભિષેક |
| | સાંજે ૭.૦૦ વાગે ભક્તિ સંધ્યા નામી કલાકારો સાથે |
| તા. ૧૪/૬/૨૦૧૬ | સવારના ૯.૩૦ વાગેથી ''સત્તરભેદી'' પૂજા પ્રારંભ |
| | સવારના ૧૦.૩૦ વાગે ''ધ્વજારોહણ'' |
| | બપોરે ૩.૦૦ વાગે મુંબઈ માટે રવાના |

### દાતા આવકાર્ય છે.

| | |
|---|---|
| નવકારશી | રૂા. ૭૫૦૦/- |
| બપોરનું જમણ | રૂા. ૧૫૦૦૦/- |
| ચૌવિહાર | રૂા. ૧૧૦૦૦/- |

**❖ નમ્ર સુચના ❖**

ટીકીટની વ્યવસ્થા આપણે જાતે કરવાની છે, તે બદલ ક્ષમાયાચના.

### ❖ સંપર્ક સૂત્રો ❖

**નરેન્દ્ર મોતા** : 098206 90909

**ચંદુલાલ મૈશેરી** : 098331 51258

**સોમચંદ નાગડા** : 098338 16131

**મુલચંદ લોડાયા** : 098208 42427

**નિમંત્રક : રાપરગઢવારી - નાની સિંધોડી ક.દ.ઓ. જૈન સંઘ**

એને તે શ્રાવકના પુત્ર આદિ સર્વ પરિવારના નામો એક વહીમાં લખશે. બધા આચાર્યોએ મંજૂરી આપી વિ.સં. ૭૭૫ (ઈ.સ. ૭૧૯) માં વર્ધમાનપુરમાં હસ્તાક્ષર કર્યા.

પરંતુ આ મર્યાદાનું કાલાંતરે ઉલ્લંઘન થયું. ઘણા ગચ્છનાં આચાર્યોએ પોતાના ગચ્છની સાર સંભાળ માટે નજીકમાં રહેતા સ્વગચ્છ કે પરગચ્છના લોકોને મેમ્બર બનાવ્યા તેથી એક જ ગચ્છના / કુટુંબના લોકો જુદે જુદે સ્થળે રહેતા હોય તો તેઓ પોતાના નજીકના ગચ્છના મંદિરો અને ગચ્છને માનવા લાગ્યા. ત્યાંના ધાર્મિક વિધિવિધાનો કરવા લાગ્યા એટલે વંશાવલિ વ્યવસ્થા પડી ભાંગી. ઘણી વખત કોઈ એક ગચ્છનો શ્રાવક સંઘ કાઢે કે નવું મંદિર નિર્માણ કરે ત્યારે તેના પ્રતિબોધક આચાર્યની પરંપરાના કોઈ આચાર્ય નજદીક ન હોય કે બોલાવવા પર ન આવે તો અન્ય ગચ્છના આચાર્ય પાસેથી વાસક્ષેપ લેવા માંડ્યા. વળી અમુક વિસ્તારમાં અમુક આચાર્યોનું બીલકુલ વિચરણ ન હોઈ નવી પેઢી ત્યાં વિચરતા આચાર્યોને જ માનતી થઈ ગઈ. આમ થતાં કુલગુરૂ વંશાવલિ/નોંધ રાખતા હતા તેમાં ઘણા છબરડા થઈ ગયા. એક ગચ્છનો શ્રાવક બીજા ગચ્છનો શ્રાવક થઈ ગયો. તેથી કુટુંબનાં રેકોર્ડ વેરવિખર થઈ ગયા. આગળ જતાં આચાર્યો દ્વારા એક ગચ્છમાંથી બીજા ગચ્છમાં ખેંચવાની હોડ મચી તેથી પ્રાચીન પૂર્વજોનો ઈતિહાસ લુપ્ત થઈ ગયો.

ધીમે ધીમે આ પૌશાળાના આચાર્યો જેઓ વંશાવલિ રાખતા તેમનામાં શીથીલાચાર આવી ગયો તેઓએ વંશાવલિઓને પોતાની આજીવિકાના સાધનો બનાવ્યા. ધર્મગુરૂમાંથી હટી કુલગુરૂ બની ગયા. વંશાવલિઓમાં લોકોને આકર્ષવા કઈક કાલ્પનિક કથાઓ જોડી નાખી. ધીમે ધીમે આજીવિકાર્થે શ્રાવકો દૂર દૂર વિસ્તર્યા. કુલગુરૂઓ માટે બધે પહોંચવું શક્ય ન હોઈ ભાટ/બારોટોને વહીવંચાનું કાર્ય સોપ્યું. ત્યારથી વહીવંચાઓ આ કાર્ય કરે છે. તેઓ ઓછા ભણેલા હોવાથી વહીઓમાં વધારે વિગતો લખતા નહીં પરંતુ મુખે પાઠ કરી પેઢી દર પેઢી આપતા. સયમાંતરે આ માહિતીઓ વહીઓમાં વિગતવાર નોંધાઈ. આવી ૪૦૦-૫૦૦ વરસ પુરાણી વહીઓ જોવા મળે છે અને તેમાં આગળની ઘણી પેઢીઓના નામો પણ છે.

જો આ વહીવંચાની નોંધપોથી (વહીઓ) નહોત તો આજે આપણી જ્ઞાતિના મુકુટમણી શેઠશ્રી કેશવજી નાયકની ઉપરની પેઢીની વંશાવલિથી વંચિત રહી જાત. શેઠશ્રીની વંશાવલિ આ મુજબ છે.

શ્રી કેશવજી, નાયક, મણસી, વિસર, સારંગ, માડણ, ડાહ્યો, લખમણ, ખીંઅરો, પાલો, નાગાજણ, સુમસી, ભેદાણી, ગણાણી, મમણ, દેઘર, વાંકાણી, લાલો, લુણંગ, ગાંધીઆણી. આગળ જતા મહોતસિંહ થયા. હાલમાં દંડ તરીકે ઓળખાતા તેઓ સહસ્ત્રગુણા ગાંધી મોતા અને તેમાંથી ગાંધી મોતા તરીકે ઓળખાતા. કેશવજી શેઠના પિતા નાયક મણસી લાખણીયાથી ખંભાલીયા (હાલાર)માં હતા એવી નોંધ મળે છે. કેશવજી શેઠની બહેનો વાલબાઈ સુઅધી લાખબાઈના નામો મળે છે. કેશવજી શેઠના ભાઈઓ લાલો તથા દામજી હતા.

નાયક શેઠ સવંત ૧૯૭૭ (ઈ.સ. ૧૯૨૧)માં અવસાન પામ્યા તેવી નોંધ મળે છે. આવી ઘણી ઐતિહાસિક માહિતીઓ ભટોની વહીઓમાંથી પ્રાપ્ત થઈ શકે છે.

વહીઓમાં નોંધાયેલો એક પ્રસંગ : ભૃગુ ગોત્રમાં, રાઠોડ વંશમાંથી ખીમસીયા નુખ નીકળી. ખીમસીયા નુખ વીસા ઓસવાલમાં વિદ્યમાન છે. ખીમસીયામાંથી લાપસીયા, ગુટકા, રીટા અને હેફા નુખો નીકળેલ છે. રાઠોડ વંશમાં આબુ પાસે હાડા નામે રાજપૂત રહેતો હતો. આ હાડાનો દીકરો અણહીલ, તેનો પુત્ર આડત અને તેનો પુત્ર ખીમસીયા થયો, જે જૈની બન્યો. ખીમસીંહ ઉર્ફે ખીમસીયાનો પુત્ર ગેહણ તેનો પુત્ર રીણુ અને તેનો પુત્ર નોંધણ. ખીમસીયા ગોત્રના વડિલો કચ્છ ભોરાણાથી જામ રાવલ સાથે હાલારમાં અન્ય ઓસવાલ સાથે આવ્યા. જામ રાવલે ઓસવાલોને જામનગર અને ખંભાલીયા વચ્ચેના સલામત, ખેતીવાડી માટે ઉત્તમ સ્થાનમાં વસાવ્યા. વીસા ઓસવાલોને ૫૨ અને દશા ઓસવાલોને ૪૨ ગામમાં વસાવ્યા.

ખીમસીયા ગોત્રમાં પત્તોશાહ થયા જેઓ દલતુંગીથી દક્ષિણે દલ જાડેજાનાં મુખ્ય ગામ ગુઆણે વસતા હતા. ખૂબ જ કિર્તીવાન પુરુષ હતા. સંપત્તિનો કોઈ પાર નહીં. ખૂબ જ મોટી ૪૦ સાંતીની ખેડ (૧ સાંતી એટલે ૧૦૦ વીઘા). આખું ગુઆણા ગામ ૫૫૦ સાંતીનું એમાં પત્તાશાહ એકલાની ૪૦ સાંતીની જમીન. એ વખતે જામનગરના રાજવી હતા જામ સત્તાજી પહેલા. એ કાળે કહેવાતું ''જામનગરે જામ સત્તો અને ગુઆણે શાહ પત્તો'' ખીમસીયામાંથી લાપસીયા નૂખ નીકળી છે તે ન્યાયે તેઓ લાપસિયાના પૂર્વજ ગણાય. વહીઓના નોંધમાં છે 'ખીમસીયા સાખ દેસ હાલારવારાનું ગામ તુંગી જુનું ગામ રેવાસી પછી ખાવડીમાં રહેતા પછી હરીપર, આરીખાણા હવે ચેલામાં છે''

દલતુંગી ગામ ગુઆણાના દલ જાડેજાઓ વસાવ્યું અને મૂળ ગામનું ગામ તુંગી જે ગામની દક્ષિણે નાની ડુંગરડીની પાસે હોવાથી અને નાના ડુંગરને તુંગી કહે છે તે પરથી તુંગી થયું અને દલ જાડેજાઓએ વસાવ્યું તેથી દલવારું તુંગી અને આગળ જતા દલતુંગી નામે ઓળખાયું. દલતુંગી ગામની પશ્ચિમે થોડો મોટો ડુંગર છે જેને તુંગો કહે છે જં ડુંગર પર તુંગેશ્વર મહાદેવનું મંદિર છે.


ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551

યુ. કે. ખીમજી એન્ડ કાં. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

પત્તાશાહને સં. ૧૬૬૦ (ઇ.સ. ૧૬૦૪)માં શિયાળામાં તુંગા ડુંગર પર બિરાજમાન સ્વપ્નમાં આવ્યા. સાથે શુભ લગ્ન, યજ્ઞ વગેરે જોયાં. ગામના બ્રાહ્મણ પાસે જઈ સ્વપ્નાની વાત કહી. મહારાજે કહ્યું ''શેઠ તમારા હાથે કોઈ માંગલિક કાર્ય કરવાનો શંકર ભગવાનનો આદેશ છે.'' પોતાના દીકરા-દીકરીઓના લગ્ન થઈ ગયેલા તેથી પત્તાશાહ કયું માંગલિક કાર્ય ઉજવવું તેની વિસામણમાં પડી ગયા. વળી એ અરસામાં સૌરાષ્ટ્રમાં કારમો દુષ્કાળ હતો. આમ પણ એ કાળે અવારનવાર આ વિસ્તારમાં દુષ્કાળો પડતા. આજુબાજુના ૫૨-૪૨માં વસતા ઓસવાલોની સ્થિતિ ખૂબ જ નબળી અને તેમાં વળી કારમો દુષ્કાળ.

શેઠને વિચાર આવ્યો મારી ૫૨-૪૨ની નાતને તેડાવું, આઠ દિવસ જમાડું, તેમના પશુઓને આઠ દિવસ ઘાસચારો આપું જેથી નાતીલાઓને દુષ્કાળમાં રાહત મળે. પરંતુ ઓસવાલ કોમ સ્વમાની કોમ. અણહકનું કોઈ દિ ખાય નહીં. કોઈને ત્યાં પરગામ જાય તો જમવાનું થાય ત્યાં સુધીમાં ખાટલો વીંખી ફરી ભરી નાખે, નાળા (દોરડા) વણી સાથે પરંતુ એમ જ જમે નહીં. (આ વાત ઓસવાલોનું સ્વમાનીપણું છતું કરે છે).

શેઠ વિસામણમાં નાતને બોલાવવી કઈ રીતે. કોઈએ કહ્યું શેઠ તુંગા અને તુંગીના વિવાહ (શિવવિવાહ)નો પ્રસંગ ઉજવો અને એ બહાને તમારી નાતને બોલાવો. ખંભાળીએ જઈ બ્રાહ્મણોને બોલાવી, મુહૂર્ત જોવડાવી, ૯૪ ગામોમાં કંકોતરી મોકલાવી. (ઓસવાલોના એ વખતે એટલા ગામો હતા પાછળથી જામનગર ઉપર મુસ્લીમ સત્તા આવતા તેનાં ત્રાસે ઘણા લોકો પાછા કચ્છ ચાલી ગયા અને કંઠી વિસ્તારમાં વસ્યા. ઓસવાલો દશા-વીસા તેમાં હતા. કદાચ દશા ઓસવાળોનો લુણી, બારોઈ, ગોએરસમા વિસ્તારમાં એ કારણે વસવાટ હશે. ઘણાં દશા ઓસવાલો અબડાસાનાં મૂળ ગામો જ્યાં એમના પરિવારો હતા ત્યાં પાછા આવી વસ્યા. આવા પરિવારોને લોકો હાલાઈ તરીકે ઓળખતા અને તેથી દશા ઓશવાલોમાં અબડાસાના ઘણા પરિવારોને હાલાઈ છાપ લાગી છે.

પત્તાશાહે મોટા માંડવા બાંધી લોકોને એક અઠવાડિયું પકવાનો જમાડ્યા. ઝાઝા ગાડાની જાન જોડી. તુંગા ડુંગરથી તુંગી ડુંગરથી વચ્ચે ૪-૫ કિ.મી.નું અંતર છે. બન્નેને હીરની વરમાળા પહેરાવી. નોંધ મુજબ આ વરમાળામાં ૪૦ મણ હીર (ઝરી) વપરાઈ. ૧૦૮ ગાડા જુદા જુદા કુવામાંથી જલના બેડા ડુંગર ઉપર લઈ ગઈ અને તુંગા ડુંગર ઉપર બિરાજમાન તુંગેશ્વર મહાદેવનો જલથી અભિષેક કર્યો. દરેક બેડામાં દૂધ, સોપારી, પાવલી, બીલીપત્ર, ગુલાબના ફૂલ ઉપર નાળિયેર મૂક્યા અને અભિષેક કર્યો તેમજ મહાદેવનો હવન કર્યો. (એ કાળમાં જૈનો પણ વૈષ્ણવધર્મની અસર હેઠળ હતા અને વિષ્ણુધર્મ પાળતા રીતરિવાજોમાં માનતા). ઉત્સવમાં ૬૦ કળસી ઘંઉ તથા ૫૨૫ મણ ઘી વપરાયા. જામનગરના રાજવી જામ સત્તાજીને જાનમાં તેડાવેલા. જામ સાહેબે પત્તાશાહને સોનાની સળીની પાઘડી બાંધી. આ પત્તાશાહનું જામનગરમાં ખૂબ જ માન હતું. એમણે બંધાયેલ ગુઆણામાં પૂર્વ દિશાએ વાવ તથા હળાડો આજે પણ વિદ્યમાન છે.

પત્તાશાહનો એક અન્ય પ્રસંગ પણ મળે છે. એક વખત પત્તાશાહે કોરીનું ખળું કર્યું. ખળું કરવું એટલે ખેતરમાં થયેલ અનાજને લણી ખળાવળ (મેદાન)માં લાવી, પાથરી તે ઉપર બળદ ફેરવે જેથી અનાજ કણસલા/સીંગમાંથી છુટું પડી જાય બાદમાં પવનમાં ઉડાડી સાફ કરે તે ગામના દરબાર ભોજ દેજીને આ વાતની ખબર પડી. પત્તાશાહને કહ્યુ કે ''પત્તાશાહ, ખળું તૈયાર થઈ જાય ત્યારે કહેવડાવજો એટલે દરબાર આવી રાજભાગ લઈ જશે''. એ કાળે રાજ્યનો ભાગ આપ્યા સિવાય ખેડૂત પોતાનું અનાજ ઘરે ન લઈ જઈ શકતો.

પત્તા શાહ કહે દરબાર તમને આપવાની લેતરી તો અગાઉ આખી ચુકવ્યો છું આ તો કરકસરથી બચાવેલું નાણું છે તેમાં તમારો ભાગ ન હોય''. અગાઉ નાણું કોરીના રૂપિયા હતું અને તેને સંગ્રહવાના સ્થાન ખેતરો હતા. જ્યાં ખાડા ખોદી દાટી દેતા અને જરૂર પડ્યે જમીન ખોદી પાછું કાઢે. માટીમાં પડી રહેવાથી કોરીઓ ચોંટી ગયેલ તેને છુટી પાડવા ખળું કરેલ. દરબારે જીદ ચાલુ રાખી રાજભાગ માંગ્યો. પત્તાશાહ કહે હું આપું નહીં વાત વટે ચઢી. દરબારની જુવાની, પત્તાશાહનું ઘડપણ. મામલો જીદે ભરાણો. પત્તાશાહને થયું હવે આ ગામમાં રહેવાય નહીં. પોતે બનાવેલી વાવ પાસે જઈ ગધાગાળની નિશાની કરી. ''આ ગામમાં મહાજન રહે તો ગધેડે ગાળ'' એવું ચિત્ર/નિશાનીનો પાળિયો ખોડી ઉચાળા ભરી ચાલી નીકળ્યા.

જામનગરમાં જામસત્તાજીને ખબર પડી. જામનગર બોલાવી ત્યાં રહેવાની સગવડ કરી આપી. આ પત્તાશાહનો ભંડાર હજુ ગોઆણા ગામમાં છે એવી લોકવાયકા છે. (આ પ્રસંગ પરથી ઓસવાલોના સ્વાભિમાન જાણી શકાય છે આજ કારણસર ઓસવાલાએ ઘણાં ગામોમાં સ્થળાંતરો કરેલ છે. સ્વમાન ખાતર સામનો કર્યો છે અને રાજસત્તા સામે પહોંચવું મુશ્કેલ લાગ્યું ત્યારે ઝુકવાના બદલે ગામો છોડ્યા છે.

આવા અનેક પ્રસંગો છે ઓસવાળોએ ખુઅડો ગામ (ધ્રાફા, ચરેલીયા, ખારેચીયા, વાગડ કંથકોટ વિગેરેના ત્યાગ આવા કારણે કર્યા છે.)

– ક્રમશઃ


श्री गणेशाय नमः

Vikram Jain 97730 08956
Karan Sanghvi 98333 02328
Rohit Sanghvi 97693 50299

K.R. Sanghvi Sales
Keshari Mangal GHEE
गाय व भैस का देसी घी
लेबोटरी टेस्टेड - फ्री होम डीलीवरी
200ml,500ml, 1 Litter, 5 Litter, 15 kg पेकींग में उपलब्ध।
Lovelane, Byculla, Mumbai - 400 010.



## આરોગ્ય પ્રકાશ : બાળકોને કેચપને જૅમ હોંશે-હોંશે ખવડાવતા પેરન્ટ્સ સાવધાન

દિવસે-દિવસે આપણે તૈયાર ફૂડ-પ્રોડક્ટ્સ પર એટલા બધા નિર્ભર બનતા જઈએ છીએ કે અમુક પ્રોડક્ટ્સ આપણા રોજિંદા ખોરાકનો હિસ્સો જ બની ગઈ છે. આ પ્રોડક્ટ આપણા શરીરને નુકસાન પણ કરી શકે છે એવો આપણને સ્વપ્નેય વિચાર નથી આવતો, કારણ કે આપણે વર્ષોથી એને ખાતા આવ્યા છીએ. જેમ કે ટમૅટો સૉસ કે કેચપ અને ફ્રૂટ જૅમ. આમ તો આ પ્રોડક્ટ્સ બધા જ ખાતા હોય છે, પરંતુ સૌથી વધુ આ પ્રોડક્ટ્સનો ઉપયોગ બાળકોના ખોરાકમાં કરવામાં આવે છે. બાળકો માટે બજારમાં કોઈ નવી પ્રોડક્ટ આવે કે બધા ચકાસતા હોય છે કે આ ખવાય કે નહીં. જેમ કેપ પાસ્તા કે નૂડલ્સ કે કોઈ નવી પ્રકારની કૅન્ડી કે ચૉકલેટ. દરરોજ વપરાતી આ ફૂડ-પ્રોડક્ટ્સ સાથે કોઈ ને કોઈ હેલ્ધી સામગ્રી જોડાયેલી છે, જેમ કે ટમૅટો સૉસ સાથે ટમેટાં, ફ્રૂટ જૅમ સાથે ફ્રૂટ અને એટલે જ લોકોને લાગે છે કે આ તો ખવાય, આ ખાવામાં કોઈ તકલીફ નથી. અને ઘણા લોકો એમ પણ માને છે કે આ તો હેલ્થ માટે સારું છે. આ બધી જ માન્યતાઓ કેટલી હદે ખોટી છે એ આ જાણીએ.

**ટમૅટો કેચપ સૉસ :** મોટા ભાગે સૅન્ડવિચ, બર્ગર, હૉટડૉગ, ફ્રેન્ચ ફ્રાઈઝ, પીત્ઝા સાથે કેચપ ખવાતો હોય છે; પરંતુ આજકાલ તો ઈન્ડિયન ફૂડ જેમ કે ભજિયાં, ચીલા, ઈડલી સાથે પણ એ ખવાવા લાગ્યો છે. બાળકોને કેચપ એટલો ભાવતો હોય છે કે એ લોકો દરેક વસ્તુ સાથે કેચપ ખાઈ શકે છે. ઘણી મમ્મીઓ રોટલી સાથે કેચપ રોલ બનાવીને બાળકને ખવડાવતી હોય છે. ટીવી પર એને પ્રમોટ પણ એવી જ રીતે કરવામાં આવે છે. પાસ્તા ને પીત્ઝાના સૉસમાં, મેક્સિન સૉસમાં, જાતજાતના ડિપ્સમાં પણ ટમૅટો કેચપ બેઝ તરીકે વપરાતો થઈ ગયો છે.

સૉસની બૉટલ ખરીદતી વખતે તમે ક્યારેક એનાં ઈન્ગ્રીડિઅન્ટ્સ વાંચ્યાં છે ? એમાં ટમૅટોની પેસ્ટ લગભગ ૨૪ ટકા જેટલી જ હોય છે. એટલે કે ઓરિજિનલ ટમેટાં જેને કારણે તમે એ સૉસ ખાવાના છો એ પૂરાં ૨૫ ટકા પણ હોતાં નથી. એ સિવાય એમાં ખાંડ, મીઠું, મસાલા, એસિડિફાઈંગ એજન્ટ્સ, થિકનિંગ એજન્ટ્સ અને પ્રિઝર્વેટિવ્સ નાખવામાં આવે છે. આ વિશે પોતાનો મત રજૂ કરતાં નેચરોપથિક ન્યુટ્રિશનિસ્ટ ધ્વનિ શાહ કહે છે, 'કેચપને સ્વાદિષ્ટ બનાવવા એમાં વધુ પડતી ખાંડ અને મીઠું નાખવામાં આવતાં હોય છે. ફક્ત એક ચમચી કેચપમાં પાંચ ગ્રામ ખાંડ નાખેલી હોય છે. જે લોકો માને છે કે બાળકો તો ખાંડ ખાય તો વાંધો નહીં તો એ ભૂલ ભરેલી માન્યતા છે. વધુ પડતી ખાંડ કે મીંઠુ પુખ્ત વયની વ્યક્તિને જ નહીં, બાળકને પણ એટલું જ નુકસાન કરે છે. આ સૉસ ખૂબ વધારે એસિડિક હોય છે, જેને લીધે એ શરીરમાં આયર્ન અને કૅલ્શિયમનું ઍબ્સોર્પ્શન ઓછું કરે છે. જે ખોરાક સાથે એ ખાવામાં આવે છે એ ખોરાકમાંથી મળતાં વિટામિન્સ, મિનરલ્સ અને ઍન્ટિ-ઑક્સિડન્ટને એ શરીરને મળતાં અટકાવે છે. એનું ઍબ્સોર્પ્શન ઓછું કરી નાખે છે.'

**જૅમ :** ફ્રૂટ જૅમ બાળકોને અતિ પ્રિય હોય છે. અલગ અલગ ફ્રૂટના જૅમ આવે છે. હવે સમજવા જેવી બાબત એ છે કે બજારમાં તમે પાઈનૅપલ, સ્ટ્રૉબેરી અને મૅન્ગો ખરીદવા જાઓ તો એ બધાંની કિંમતમાં ખાસ્સો મોટો ફરક હોય છે. પરંતુ તમે એ જુદી-જુદી ફ્લેવરના જૅમ ખરીદવા જાઓ તો બધાંની કિંમત સરખી જ હોય છે. એમ માની લઈએ કે તેમને હોલસેલ ભાવમાં પડતું હોય એટલે સસ્તું હોય તો બીજી એક કમ્પૅરિઝન કરીએ. સ્ટ્રૉબેરી જૅમની ૨૫૦ ગ્રામની બૉટલ બજારમાં લગભગ ૬૦ રૂપિયામાં પડે છે. જો ઘરે તમને ૨૫૦ ગ્રામ જૅમ બનાવવો હોય તો એના માટે લગભગ એકથી સવા કિલો જેટલી સ્ટ્રૉબેરીની જરૂર તમને પડે જે આરામથી તમને ૧૫૦ રૂપિયામાં આવે. એમાં ખાંડ નાંખો, એને બનાવો એ ખર્ચો મળીને ૧૮૦-૨૦૦ રૂપિયા આસપાસ ગણી શકાય. આ હિસાબ જ કહી દે છે કે જૅમ બનાવવાવાળી કંપનીઓ ઓરિજિનલ ફ્રૂટ કેટલું વાપરે છે અને કેટલું નહીં.

એક જૅમની બૉટલમાં વાંચશો તો ખબર પડશે કે તેમણે જે ફ્રૂટનો પલ્પ વાપર્યો છે એ ફક્ત ૪૦-૪૫ ટકા વાપરવામાં આવે છે. વળી આટલાં મોંઘા ફળોનો જૅમ બનાવે અને જો ફળોનો ઉપયોગ જ વધારે કર્યો હોય તો એને આટલો સસ્તો વેચી શકાય જ નહીં. જૅમ બનાવવાની શરૂઆત ફળોનો બગાડ અટકાવવા માટે થઈ હતી. આ વાત કરતાં ધ્વનિ શાહ કહે છે, 'સફરજન કે પેરુ જેવાં ફળોમાં કુદરતી પેક્ટિન હોય છે, જેના દ્વારા ફ્રૂટ જૅમને જેલી જેવું ટેક્ચર મળે છે. પરંતુ આજકાલ જે જૅમ બજારમાં મળે છે એમાં જુદાં-જુદાં ફળોની ફ્લેવર્સ વાપરવામાં આવે છે. આ ઉપરાંત આર્ટિફિશ્યલ કલર અને ફ્લેવર પણ એમાં હોય છે. આ ઉપરાંત સ્ટૅબિલાઈઝર, ઍસિડિટી કલર અને ફ્લેવર પણ એમાં હોય છે. આ ઉપરાંત સ્ટૅબિલાઈઝર, ઍસિડિટી રેગ્યુલેટર, પ્રિઝર્વેટિવ્સ પણ વાપરવામાં આવે છે. ઘણા જૅમમાં ઈન્વર્ટ શુગર વાપરવામાં આવે છે, જે વાઈટ શુગર કરતાં પણ વધું ખરાબ છે. એને કારણે બાળકો ઈરિટેબલ બને છે. તેમની એકાગ્રતા ઘટે છે અને વાત-વાતમાં ગુસ્સો કરતાં થઈ જાય છે.'

**સૉસ ઘરે બનાવો :** બજારના સૉસ ખાવા કરતાં ઘરમાં સૉસ બનાવી શકાય છે. જે ખૂબ જ સરળ છે. એમાં કોઈ પ્રિઝર્વેટિવ્સ નાખવાની જરૂર રહેતી નથી અને આરામથી ફ્રિજમાં એક મહિનો સ્ટોર કરી શકાય છે. ઘરે બનાવેલા સૉસમાં પ્યૉર ટમેટાં જ હશે, બીજું કંઈ નહીં. ખાંડ પણ તમે ઓછી નાખી એને ચટપટો રહેવા દઈ શકો છો. એમાં યુઝ કરવામાં આવતું એકાદ ચમચી વિનેગર ખાસ પ્રૉબ્લેમેટિક ગણાતું નથી. બહારના સૉસ કરતાં ઘરનો સૉસ લાખ ગણો હેલ્ધી ગણાશે. એ જ રીતે ઘરે જૅમ બનાવવો પણ સરળ છે વળી એનો ફાયદો એ છે કે સીઝનલ ફ્રેશ ફળોનો જૅમ બનશે, જે અઠવાડિયાથી વધુ ફ્રિજમાં રહેતો નથી. બાળકને ફળોનું પોષણ પણ મળશે અને કેમિકલ અને આર્ટિફિશ્યલ કલર અને ફ્લેવરથી પણ તે બચશે.

– **જિગીષા જૈન** – મિડ-ડેમાંથી સાભાર

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

# "MAY GOD BLESS YOU"

અમેરિકાનો એક પ્રસંગ..... ન્યુર્યાર્કમાં સરકારી સ્ટેટ બેંકની બ્રાન્ચ છે. જેનો દુનિયાની લગભગ બધી મુખ્ય બેંકો સાથે વ્યવહાર છે. જેમાંથી રોજ કરોડોની હેરફેર થાય છો. આ બેંકમાં પૈસા આપવાના છ કાઉન્ટર છે અને પૈસા લેવાના છ કાઉન્ટર છે.

પૈસા આપવાના છ કાઉન્ટરમાંથી એકમાં જહોન પીટર નામનો કલાર્ક બેસે. બાકીની પાંચ બારીઓ કરતાં એની બારી પર ભીડ વધુ જામેલી હોય, તે ત્યાં સુધી કે અન્ય કેશીયર બેઠા બેઠા માખો ઉડાડતા હોય તો પણ પીટરના કાઉન્ટર ઉપર ભીડ હોય. ખાતેદારો પણ કદાચ અડધી કલાક પ્રતીક્ષા કરવી પડે એમ હોય, અન્ય કાઉન્ટર પરથી તુરંત એકનું કલીયરીંગ સંભાવિત હોય તોપણ પ્રતીક્ષાની તૈયારી સાથે આ જહોન પીટર પાસેજ પોતાના ચેક જાય એવો આગ્રહ રાખેજ.

આ બધું જાણીને બેંકના મેનેજરને શંકા પડી. એટલી આવો આગ્રહ રાખનારા થોડા એકાઉન્ટ હોલ્ડરોને જુદા જુદા સમયે અણે પછપરઈ કરી એક કહ્યું 'એની પાસેથી લીધેલ પૈસામાં બરકત સારી આવે છે'.

બીજાએ કહ્યું કે કુદરતી રીતે એની પાસેથી જ પૈસા લેવાનું મન થાય છે. ત્રીજાએ પોતાનો અનુભવ પ્રગટ કર્યો કે, 'એની પાસેથી પૈસા લીધા હોય તો કાર્યા સરળ બની જાય છે. ચોથાએ પોતાના આગ્રહનું કારણ એ બતાવ્યું કે, એની પાસેથી લીધેલા પૈસાથી ભરેલી એટેચી બે કાર ખોવાયા પછા પાછી મળી ગઈ છે. એક ડોલર પણ આધો પાછો થયો નથી'.

પાંચમાં ખાતેદારને જ્યારે પૂછવામાં આવ્યું ત્યારે એને કહ્યું મેનેજર સાહેબ ! મી પીટર જો મારા જીવનમાં પ્રવેશ્યા ન હોત તો હું કયાંયનો ન રહ્યા હોત

એકવાર બેંકમાંથી પૈસા ઉપાડી સીધો એની ખાસે જ જવાનો હતો અને કુદરતી મારો ચેક કલીયરન્સ માટે મી પીટર પાસે આવ્યો. એની પાસેથી પૈસા મારા હાથમાં આવ્યા. અને હજુ તો હું બેંકમાંથી બહાર નીકળું છું ને મારા મનમાં વિચાર આવ્યો કે ''ઓહ! આજ સુધીમાં વેશ્યા પાછળ મેં કેટલું ધન વેડફી નાખ્યું ? એની ખાતર મેમાળ પત્નીને પણ મેં કેટલી હેરાન કરી ? ધિક્કાર છે મને પાપીને !'' ત્યાંને ત્યાં મેં સંકલ્પ કર્યો કે હવે મરી જવું કબૂલ પણ વેશ્યા પાસે જવું નહીં. હું બેંકમાંથી સીધો ચર્ચમાં ગયો. પ્રભુનો ઉપકાર માન્યો કે 'ખરેખર, પ્રભુ તે કેટલો ઉપકાર કર્યો... મને આવો આવો એવું પ્રતીત થયું કે ભગવાન જણે કે મને કહી રહ્યા છે કે (એ વિચર અમે તને નથી) વિચાર આપી મારું જીવન ધન બચાવી લીધા'' એ જ રાત્રે મને સ્વપ્ન આવ્યું અને એમાં આપ્યો, પણ પેલા કેશીયર આપ્યો છે. બસ ત્યારથી મેં નિર્ણય કર્યો કે હવેથી પૈસા એની પાસેથી જ લેવા મેનેજરે જ છઠ્ઠા ખાતેદારને આગ્રહનું કારણ પૂછયું, તે એક મહિલા હતી જીમીવર્થ એનું નામ. તેને સંસ્કારી કે માયાળુ પતિ હોવા છતાં અન્ય પુરુષના પ્રેમમાં તે સાંઘળી બની ગઈ હતી. એક દિવસ તેના પ્રેમીએ પ્રસ્તાવ મૂક્યો કે, ''તારી પણ સહી તો ચાલે છે. બેંકમાંથી પૈસા ઉપાડી લે અને આપણે ક્યાંક દૂરના પ્રદેશમાં જઈને સ્થિર થઈ જશું અને સુખચેનમાં જીવન વિભવશું. તેને પણ એ પ્રસ્તાવ ગમી ગયો અને ચેકમાં બહુ મોટી રકમ ભરી અહી કરી રોકડા પૈસા લેવા કેશ કાઉન્ટર પર ગઈ. એ ચેક પીટર જહાન પાસે ગયો એણે પૈસા આપ્યા અને તેમા મનમાં વિચારોના ચક્ર ગતિમાન થયાં 'તું' આ શું કરી રહી છે એમનો વિચાર કર. તે બેંકમાં જ એક ખુરશી ઉપર બેસી ગઈ ને વિચારવા લાગી 'ચર્ચમાં જઈને પ્રભુની સાક્ષીએ જેનો તેં હાથ પકડ્યો છે. તે તારા પતિનો તું વિશ્વાસઘાત કરી રહી છે, પણ એટલો જો વિચાર કે આ પૈસા ખલાસ થઈ ગયા પછી શું ? શાંતિથી વિચાર્યા બાદ પગલું ભર'' તેણે તરત જ સ્લીપ બુંકમાં એ રકમ લખી પાછી બેંકમાં ભરી દીધી. પછી ધીમે ધીમે મનને સ્થિર કરી પતિને વફાદાર રહેવાનો તેણે નિર્ણય લીધો. હું પણ મી પીટર પાસેથી મળેલા પૈસાએ કમાલ કરી. એટલે ત્યારથી તેમજ પીટર જહાને પાસે જ ચેક વટાવવાનો જ આગ્રહ રાખતી થઈ.

જુદી જુદી વ્યક્તિઓના આવા અનુભવોનું રહસ્ય તો મેનેજરને ન મળ્યું. પણ એને થઈ ગયું કે જરૂર કેશિયર પાસે કાઈ કોઈ મંત્ર શક્તિ કે દિવ્ય સહાય હશે, નહીંતર ઘણાને આવા સુંદર અનુભવો કેમ થાય ? એટલે એકવાર રહસ્યનો પડદો હટાળવા મેનેજરે પીટર જહોનનો રજાના દિવસે પોતાને ત્યાં નિમંત્ર્યો, ઉચિત સરભરા કરીને વાતો કરવા બેઠા. એમાં મેનેજરે ખાતેદારોના અનુભવો સંભળાવી અને પુછયું કે 'મિ. પીટર! મને સાચું કહો તમારી પાસે કોઈ દિવ્ય સહાય છે ? યા તો ચમત્કારીક મંત્ર છે ?

ત્યારે કેશિયરે પીટર જહોને કહ્યું, ''....જુઓ મેનેજર સાહેબ ! કોઈ દેવતા મારી સહાયમાં ઉભો નથી કે કોઈ ચમત્કારીક મંત્રનો હું જાપ કરતો નથી. મારા પિતા પાદરી હતા. મા સંસ્કારી હતી એ બન્નેનું જીવન પવિત્ર હતું. બચપણથી મને મારા પિતા દેવાળમાં પ્રાર્થના કરવા લઈ જતા. મારી મારો નાનપણથી મને એ ઘૂટાવ્યું હતું કે આપણા સંપર્કમાં જે આપે એનું દીલથી ભલું ઇચ્છવું. મારી માતાની આ સોનેરી સલાહને મેં જીવનમાં ઉતારી છે. તેથી જે કોઈનો ચેક મારી પાસે કલીયરન્સ માટે આવે ત્યારે હું મનમાં જ સાચા દિલથી. "MAY GOD BLESS YOU" ''પ્રભુ તમને આર્શીવાદ આપે તમારું ભલું કરે'' એવી ત્રણ વાર પ્રાર્થના કરું છું. ચેક તો એ ટોકન આપે ત્યારે બીજીવાર હું પૈસા ગણુ ત્યારે અને ત્રીજાપાર એના હાથમાં પૈસા આપું ત્યારે.

આને તમરે મંત્ર જાપ માનવો હોય તો એને મંત્રજાપ માનો અને દિવ્ય સહાય ગણવી હોય જો દિવ્ય સહાય ગણો. પણ જે છેતે આ જ છે.

– સંકલન – **લક્ષ્મીચંદ ચાંપશી દંડ**, જિનાજ્ઞા – 093748 81300


**યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...**

તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ

**9323360708/25903514-5-6**
**tanmantravels@yahoo.co.in**
**www.tanmantour&travel.com**


સૌના મુરબ્બી એવા શ્રી રાયચંદ હંસરાજ ધરમશીની ચિરવિદાયને આ અઠવાડિયે એક વર્ષ થશે. દેહાંતેય એમની યાદ તાજી રાખી સુકૃતોનું અનુકરણ કરીએ.

*તન-મન પરિવાર*


**શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ**

SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### વર્ષ ૨૦૧૪-૧૫ માટે રોટેરીયન કેતન મણીલાલ મહેશ્વરીને બેસ્ટ પ્રેસીડેન્ટ ટ્રોફી એનાયત

કોલ્હાપુરમાં તા. ૫,૬,૭ ફેબ્રુઆરીએ યોજાયેલ રોટરી ડીસ્ટ્રીક્ટ ૩૧૭૦ની કોન્ફરન્સમાં કેતન મણીલાલ મહેશ્વરી, ગામ-સાંયરા હાલે હુબલીને રેકોર્ડ દસ એવોર્ડ એમની ક્લબ રોટરી ક્લબ ઓફ હુબલી સાઉથ વતી જીત્યા હતાં. તેમને બેસ્ટ પ્રેસીડેન્ટ એવોર્ડની ટ્રોફી પણ એનાયત થઈ હતી.

તદુપરાંત ક્લબને ક્લબ સર્વીસ, વોકેશનલ સર્વીસ, બેસ્ટ TRF કન્ટ્રીબ્યુશન, બેસ્ટ બુલેટીન, બેસ્ટ ઈન પબ્લીક રીલેશન, બેસ્ટ ચાર્ટર ડે સેલીબ્રેશન જેવા અન્ય કેટેગરીમાં પણ એવોર્ડ મેળવેલ છે. જે તેમની ક્લબ માટે એક રેકોર્ડ છે. રોટરી ૩૧૭૦ ડીસ્ટ્રીક્ટમાં ૧૨૩ ક્લબ નોર્થ કર્ણાટક, સાઉથ મહારાષ્ટ્ર ઉપરાંત સંપૂર્ણ ગોવાની ક્લબોનો સમાવેશ થાય છે. કેતનભાઈનું કાર્ય જોઈને શ્રી આનંદ કુલકર્ણીએ તેમને વર્ષ ૨૦૧૭-૧૮ માટે Asst. ગર્વનર તરીકે પણ તે વર્ષનાં ગર્વનર નોમીની ચુંટેલ છે.

### શ્રી ભલારા દાદા મંદીર - રાપરગઢવારી

શ્રી રાપરગઢવારી સ્થાનકે શ્રી ભલારા દાદાની પુનઃપ્રતિષ્ઠા પ્રસંગ દિનેશ ભુવાના માર્ગદર્શનમાં ધામધૂમ પૂર્વક ઉજવાયો.

તા. ૨૧/૦૧/૨૦૧૬ના આગલી સાંજે ફુલોથી સજાવેલ મંદીરમાં સવારના કુંભ-દિપક સ્થાપના, નવગૃહ વગેરે પુજનો, મંદીરના પરીસરથી દાદાની નુતન પ્રતિમાની રથયાત્રા કાઢી, તળાવમાં દાદાને અભિષેક કરાવી, મંદીર પ્રવેશ દ્વારે દાદાને પોંખવામાં આવ્યા, બપોરના હોમ-હવનમાં બધાજ ગામવાસીઓ તેમજ મુંબઈથી પધારેલ ભાવિકોએ ભાગ લીધો. સાંજે દાદાને ન્યાસ કરી ધાન-નિવેદ કરવામાં આવ્યા બાદ શ્રી કાંતિલાલ મોતાના ઘરે દાદાનો પાઠ યોજાયો.

તા. ૨૨/૦૧/૨૦૧૬ના સવારના પ્રતિષ્ઠા પૂજા પંડીત ભુપેન્દ્ર મહારાજ પ્રાણ-પ્રતિષ્ઠા કરાવી. દાદાનાં મંદિરે ધ્વજા આરોહણ કરવામાં આવ્યું બાદ દાદાની આરતી ઉતારવા આવી.

### શ્રી કચ્છ કોટડી મહાદેવપુરી

શ્રી કચ્છ કોટડી મહાદેવપુરી અને કચ્છ ગોધરાના ધ્રોળ પરિવારની સમુહ પહેડી તા. ૧-૫-૨૦૧૬ રવિવારના ડોંબીવલી (ઈસ્ટ) રોટરી ક્લબમધ્યે બપોરનાં ૩ થી ૯ વાગ્યા સુધી યોજાશે.

શ્રી ગણેશાય નમ : શ્રી કુળદેવીમાં અંબામાતાય નમ : શ્રી ક્ષેત્રપાલ દાદાય નમ :

## *ખોના પરિવારના કુળદેવતાઓના પ્રાગટય દિવસની ઉજવણી*

**મુ. મોટી ખાવડી જી. તા. જામનગર**

## * આમંત્રણ *

શ્રી મોટીખાવડી-દલતુંગી સ્થિત કુળદેવતાઓને નમતા ખોના પરિવારના ભાવીકો જોગ..

સહર્ષ જણાવવાનું કે ખોના પરિવારના કુળદેવતાઓના પ્રાગટય દિવસની ઉજવણી આગામી સવંત ૨૦૭૨ ચૈત્ર સુદ ૧૨-૧૩-૧૪ તા. ૧૮-૦૪-૨૦૧૬ સોમવાર થી તા. ૨૦-૦૪-૨૦૧૬ બુધવાર સુધી મોટી ખાવડી - દલતુંગી સ્થાનકે ઉજવવામાં આવશે.

આ ઉજવણી દરમ્યાન સવંત ૨૦૭૨ ચૈત્ર સુદ ૧૨ ને તા. ૧૮-૦૪-૨૦૧૬ ને સોમવારે સવારે ૮-૦૦ કલાકે દેવસ્થાન દેરીમાં બિરાજમાન **સતિમાતાજીની** ઉત્થાપન વિધી કરી તે જ દિવસે સવારે ૧૧-૦૦ કલાકે નવ નિર્મીત ગોખમાં **પુનઃપ્રતિષ્ઠીત** કરવામાં આવશે. તેમજ તે જ દિવસે સવારના ૭-૦૦ થી સાંજના ૪-૩૦ સુધી હવનનું આયોજન કરેલ છે આ પ્રસંગે વિધી વિધાન માટે સુપ્રસિધ્ધ અને વિદ્વાન **શાસ્ત્રીશ્રી સુરેશભાઈ શિવલાલ ભટ્ટ (ભણગોર વાળા)** પધારશે અને આ પ્રસંગ ખોના પરિવારના **ભુવાશ્રી યશવંતભાઈની નિશ્રામાં** યોજાશે. સર્વે ભાવિકોએ દર વર્ષે યોજાતા આપણા કુળદેવતાઓના પ્રાગટય દિવસ ઉજવણી પ્રસંગમાં હાજરી આપી પ્રસંગની શોભામાં અભિવૃધ્ધિ કરવા હાર્દિક આમંત્રણ છે.

**લી. શ્રી ભવાનજી ટોકરશી ખોના શ્રી રમેશચંદ્ર હંશરાજ ખોના**

**નોંધ :** તા. ૧૭-૦૪-૨૦૧૬ રવિવાર સાંજ થી પ્રસંગની પુર્ણાહુતી સુધી મોટી ખાવડી સ્થાનીકે રસોડું ચાલુ રહેશે તેમજ તા. ૧૭-૦૪-૨૦૧૬ નાસાંજના ૮-૦૦ કલાકે પરિવારની મીટીંગનું આયોજન કરેલ છે.

### શ્રી છતીસગઢ કચ્છી જૈન સંઘ – સંઘની પહેલ

શ્રી છતીસગઢ કચ્છી જૈન સંઘ નાના બાળકોમાં ધર્મના સંસ્કાર આવે તે માટે અલગ અલગ કાર્યક્રમ કરાવે છે. ''ફટાકડા ન ફોડવા વાળા બાળકોનું સન્માન'' ૦ થી ૧૫ વર્ષના બાળકોને પ્રભુ દર્શન, પ્રભુ પૂજા એવમ ધાર્મિક જ્ઞાન મળે તે માટે સંઘનો પ્રયાસ છે. દર રવિવાર વિશેષ કાર્યક્રમનો આયોજન કરાવામાં આવે છે. સંઘનાં તરફથી બધાજ બાળકોને પ્રોત્સાહન સ્વરૂપે ઈનામ વિતરણ કરવામાં આવે છે.

તાજેતરમાં''નાના બાળકો દ્વારા સમૂહ સ્નાત્ર પૂજા''કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

### ભાવના મંડળ જલગામ

ભાવના મંડળ જલગામ દ્વારા અ.સૌ. નિર્મલા હેમંત માયાં નાગ્રેચાની પાલિતાણાની નવાણુની યાત્રા નિમિત્તે સવારના સ્ટેશનથી દેરાસર સુધી વરઘોડો કાઢવામાં આવેલ બાદ સાંજે સાંજી અને જાપ એમના પરિવાર વતી રાખવામાં આવેલ, તેમાં ભાવના મંડળ જલગામ એ વિવિધ રાગમાં ઢોલના સથવારે સુંદર નવકાર મહામંત્રના જાપ કરેલ.

### ખંડવા

શ્રી પાર્શ્વચંદ્રગચ્છ કે પ.પૂ. સા. ૐકારશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ. સા. પુનિતકલાશ્રીજી તથા પ.પૂ.સા. ડૉ. ભવ્યાનંદીશ્રીજી મ.સા. ૮ તા. ૧૮/૨/૨૦૧૬ના ખંડવા શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ તીર્થધામ પધાર્યા અને ૪ દિવસ રહ્યા. પ.પૂ.સા. ડૉ. ભવ્યાનંદીશ્રીજીના પ્રવચન હૃદયને સ્પર્શનારા હતા. શ્રી હિરેન મણીલાલ ગોગરીએ ૧ દિવસ નવકારશીનો લાભ લીધો.

### કચ્છી જૈન મહિલા મંડળ કલકત્તા

કચ્છી સંઘ તરફથી તા. ૧૦-૧-૨૦૧૬ના રોજ પીકનિકનું આયોજન કરવામાં આવેલ. જઈને બધા અવનવી અને ગ્રુપ ગેમ્સ રમ્યા.

તા. ૨૨-૧-૨૦૧૬ હીનાબેન દેઢિયાને ઘરે કીટી પાર્ટીનું આયોજન કરેલ બે ગેમ્સ રમાડેલ. પત્તાની ગેમ્સમાં કેતના શાહ, રતનબેન તથા કોઈનસની ગેમ્સમાં મંજરી વીરા, મીતા લાલકાને પ્રાઈઝ મળેલ. હાઉસી પણ રમ્યા.

તા. ૩૦-૧-૨૦૧૬ મહિલા મંડળની બહેનો બસ કરી બેડલ મધ્યે દેરાસર ગયેલ ત્યાં બધાએ સેવા પૂજા કરી. જેવંતીબેન તરફથી સ્નાત્રપૂજા ભણાવી. ગાયત્રી આશ્રમ ગયેલ ગાયોને ગોળ રોટલી ખવડાવેલ. ગુણવંતીબેન લુઠિયા, મીરાબાઈ મોતા, દેવકાબેન ધુલ્લા તરફથી સહયોગ મળેલ.

તા. ૧૮-૨-૨૦૧૬ ધનલક્ષ્મીબેન માલાની તરફથી બારવ્રતની પૂજા ભણાવવામાં આવેલ. મંડળને ૫૦૦ રૂા. ભેટ મળેલ છે.

તા. ૩-૨-૨૦૧૬ ગુજરાતી મહિલા મંડળમાં વિવિધ શાકભાજીમાંથી ફરસાણ, મીઠાઈ બનાવવાની હરીફાઈ રાખવામાં આવેલ તેમજ પીળા કલરની વેષભૂષાની હરીફાઈ રાખવામાં આવેલ તેમાં પ્રભા ધુલ્લાને પ્રથમ પ્રાઈઝ મળેલ છે.

તા. ૨૧-૨-૨૦૧૬ના ધર્મની કવીઝ રાખવામાં આવેલ તેમાં કલકતા જૈન મહિલા મંડળ ૨ જે નંબરે આવેલ. ટ્રોફી મળેલ છે. ૧૬ ગ્રુપ હતા. નયના બુરીચા, નીલમ શાહ, કીર્તી શાહને વ્યક્તિગત ટ્રોફી મળેલ છે.

### પાલીતાણાના જિનાલયો સાલગીરી

પાલીતાણામાં પં.પૂ. અચલગચ્છાધિપતી આચાર્ય શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં તથા સાધૂ-સાધ્વીની તથા શ્રાવક-શ્રાવિકાઓની બહોળી હાજરીમાં શેઠ કેશવજી નાયક ધર્મશાળામાં આવેલ સાશ્વતા જિનાલયની ૧૫૨મી ધજારોહ વર્ષગાંઠ તથા શ્રી વિરબાઈ જૈન પાઠશાળામાં આવેલ શ્રી મહાવીરસ્વામી જિનાલય ૧૧૬મી ધ્વજારોહણ વર્ષગાંઠ મહા સુદ ૧૩ તા. ૨૦-૦૨-૨૦૧૬ના શેઠ કેશવજી નાયકના વારસદારોની હાજરીમાં ધામ-ધૂમપૂર્વક ઉજવામાં આવેલ અને તેની નિમિતે સ્વામી વાત્સલ્ય જમણ અ.સૌ. નવલબેન વિરચંદ વાલજી મોમાયા પરિવાર ગામ કચ્છ-સાંયરા, હાલે ઘાટકોપર, મુંબઈ તરફથી રાખવામાં આવેલ.

### મુલુંડમાં મહાકાલી ભાવના

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ – મુલુન્ડ દ્વારા શ્રી અચલગચ્છ અધિષ્ઠાયિકા ભગવતી શ્રી મહાકાળી માતાજીની આગામી ભાવના રવિવાર, ૨૦/૩/૨૦૧૬ના રાત્રે શ્રી વાસુપૂજ્ય જિનાલયે રાખેલ છે, જેનો લાભ શ્રી દેવજી દામજી ખોના પરિવાર-જખૌવાળાએ લીધેલ છે. ભાવનામાં રિધ્ધી સિધ્ધી મંડળ રંગત જમાવશે.

આવતા માસની ભાવના ૧૭/૪/૨૦૧૬ના છે, જેનો લાભ કુમારી ઉર્વશી નીતીન કાંતીલાલ નાગડા – ગામ જખૌવાળાએ લીધેલ છે.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

## નલીયા વિરવસઈ ટૂંકનો ધ્વજા મહોત્સવ

શેઠશ્રી નરશી નાથા સ્થાપિત નલિયા જૈન દેરાસરજીના વિરવસઈ ટૂંક શ્રી ચન્દ્રપ્રભુજી તથા અષ્ટાપદજી અને દેરીઓના ૧૭૫મી વર્ષગાંઠ ધ્વજા મહોત્સવની ઉજવણી મહાસુદ ૫ (વસંત પંચમી) દિને થઈ. જેમાં પ.પૂ. મુનીશ્રી કંચનસાગરજીની નિશ્રામાં સવારના સત્તરભેદી પુજા ભણાવીને ઘંટનાદો વચ્ચે ધ્વજાઓ ચડાવી.

બપોરના સાધર્મિક ભક્તિ શ્રી શેઠશ્રી નાથા ચેરિટી ટ્રસ્ટ ફંડના સ્વામી વાત્સલ્ય ફંડમાંથી રાખવામાં આવેલ. બપોરના મહાકાલી માતાજીની ભાવના હતી. સકળથી સંઘ પધારી લાભ લીધેલ. શેઠશ્રી વર્ધમાન જીવરાજ નાગડા પરિવાર તરફથી પ્રભાવના થયેલ. ધ્વજામાં કાયમી દાતાશ્રી હીરજી દેવજી નાગડા પરિવાર તરફથી તૈયાર કરાવવામાં આવેલ.

## અમરાવતી મહિલા મંચ

અમરાવતી મહિલા મંચની મિટીંગ તા. ૧૯/૨/૨૦૧૬ના શ્રીમતી વિમલાબેન છેડાના અધ્યક્ષ પદે અ.સૌ. પલ્લવીબેન પ્રવિણ ધુલ્લાના ઘરે મળી હતી. દિમાગી કસરતની બે ગેમ રમાડી જેના વિજેતા શ્રીમતી વિમલાબેન છેડા અ.સૌ. ચેતનાબેન મોતા, ગં.સ્વ ધનલક્ષ્મી નાગડા વિજયી થયા. જનરલ પ્રશ્નો પૂછો જ્ઞાનમાં વધારી કર્યું. અ.સૌ. યોગિતાબેન દંડે આભાર વિધી કરી હતી.

## કે.ડી.ઓ. ક્લાસિકની મહાબલેશ્વર પિકનિક

કે.ડી.ઓ. ક્લાસિકે તેના સભ્યો માટે તા. ૧૯મીથી ૨૧મી ફેબ્રુઆરી સુધી મહાબલેશ્વર ટ્રીપનું આયોજન કર્યું હતું. ડ્રિમલૅંડ હોટલમાં ઉતારો કરીને સભ્યોને મહાબલેશ્વરના જોવા લાયક સ્થળો સાથે પ્રતાપગઢ અને વીણા લેકની મુલાકાત લીધી હતી. આયોજન વ્યવસ્થા તન્વી ધુલ્લાએ સંભાળી હતી.

## સેવક ભરૂડીયામાં ધ્વજારોહણ સાથે સંયમ રજત ઉત્સવ સમારોહ

શ્રી ક.દ.ઓ. સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ દ્વારા સેવક ભરૂડીયા – જામનગર ખાતે રવિવાર તા. ૬/૩ તથા સોમવારના ૭/૩/ના શ્રી આદિનાથ જિનાલયના થતા ધ્વજારોહણ તથા ગૌવિજ્ઞાન પર પી.એચ.ડી. કરનાર પૂ. સાધ્વી શ્રી દેવરક્ષિતાશ્રીજી મ.સા.ના સંયમ રજત નિમિતે બે દિવસીય મહોત્સવનું આયોજન છે. ધ્વજા કાયમી લાભાર્થી માતુશ્રી નવલબેન મણીલાલ પદમશી દંડ પરિવાર ચડાવશે.

## ભૂલ સુધાર

પ્રકાશ સમીક્ષાના અંક નં. ૮ તા. ૨૨ ફેબ્રુઆરી ૨૦૧૬ થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૬ અંકમાં કલર ૨ જા પાને છપાયેલ નરશી નાથા ચેરીટી ટ્રસ્ટીની જાહેરાતમાં પાલીતાણા મુકામે ધજા મહોત્સવનું સ્વામી વાત્સલ્ય જે નરશી નાથા ચેરીટી ટ્રસ્ટ તરફ થી લખેલું છે એના બદલે અ.સૌ. દેવિકા બેન સોમચંદ ભાણજી લાલકા પરિવાર વારાપધર હાલ અમલનેર તરફથી રાખવામાં આવ્યું હતું.

### તાંબે નગર અચલગચ્છ જૈન સંઘ – મુલુંડ (વે.)

આપણા સંઘની એક જનરલ સાધારણ સભા શુક્રવાર તા. ૪ માર્ચના રાતના ૯ વાગ્યે વિતરાગ દર્શનના પાર્કિંગ પ્લોટમાં રાખવામાં આવેલ છે. સભા ખૂબ જ મહત્વની હોવાથી વધુમાં વધુ મેમ્બરોને હાજર રહેવા વિનંતી. મિટીંગના એજન્ડા નીચે પ્રમાણે છે. (૧) ગત મિનિટસની વાંચન કરી બહાલી આપવા (૨) આપણા બંધારણમાં જરૂરી ફેરફાર તેમજ સૂચન કરવા (૩) ટ્રસ્ટ બોર્ડની નિમણૂંક કરવા ૪ પ્રમુખ સાહેબની મંજુરીથી જે કાંઇ રજૂ થાય તે... નોંધ : લગભગ બધા ફોર્મ ભરાઇ ગયા છે. છતાં અમુક વિભાગ જ્યાં સંદેશા પહોંચી નથી શક્યા તેઓના ફોર્મ હજી સુધી ભરાઇને નથી આવ્યા. તેઓ મિટીંગથી પહેલાં ફોર્મ ભરી આપવા વિનંતી.

લિ. કન્વીનર : ૯૩૨૪૨૫૮૮૯૪.

### પાસ થયા અભિનંદન

**કુ. પુજા તેજકુમાર ખોના** (જલગામ – મંજલ રેલડીયા) IPCC 1st Group માં પાસ થયેલ છે.


**કચ્છના પેંડા તેમજ ચેંબુર સંઘના**

**મિષ્ઠાન અને ફરસાણ ઑર્ડરથી ઘર પહોંચ કરવામાં આવશે.**

**અરિહંત ટ્રેડીંગ**

સંપર્ક : **099200 89346 / 099308 23619**



**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**



**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **તારક હીરાચંદ પટેલ (નાગડા) (નામમાં ભુલ સુધાર)** | ફ્લેટ નં. ૯૦૨, સદગુરૂ સુપ્રીમ, ૯ મે માળે, વાલજી લધા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો. તારક : ૦૯૮૨૦૨૭૩૮૦૯, ભારતી : ૦૯૯૨૦૪ ૮૮૬૨૧ |
| **ગૌતમ જવેરચંદ દંડ (સાંધવ)** | ૨૦૩, વિજય વિહાર, ૨ જે માળે, ન્યુ આયરે રોડ, વિઠ્ઠલ કૃપા બિલ્ડીંગની બાજુમાં, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૨. મો.: ૯૦૦૪૦ ૨૦૪૪૪ |
| **લક્ષ્મીચંદ લાલજી લોડાયા (નલિયા)** | ૨૧૩, લક્ષ્મણરેખા બિલ્ડીંગ, ૧લે માળે, આયરે રોડ, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૨. મો.: ૯૮૧૯૪ ૮૦૧૫૨ |
| **દીપક પી. લોડાયા (શાહ)** | ૧૧/૧૨ પુતલા પાર્ક, વિષ્ણુ નગર, વિજય કૉલોની, ગણેશ કૉલોની રોડ, જલગામ - ૪૨૫ ૦૦૧. મહારાષ્ટ્ર |
| **પરાગ શ્રેણિક ગોશર** | ૨૫, રિધ્ધી સિધ્ધી કૃપા પ્રસાદ કો.હા.સો., ૩જે માળે, નાંદીવલી ગ્રામપંચાયત ઓફીસની સામે, નાંદીવલી ટેકડી, નાંદીવલી, ડોમ્બીવલી (ઈસ્ટ)-૪૨૧ ૨૦૧ પરાગઃ ૯૮૭૦૨ ૯૪૮૪૧, મનીષા : ૯૮૬૭૦ ૯૦૯૩૫ |

**મિતલ નવિનચંદ્ર ખોના (ઘાટકોપર)** - મો. : ૦૯૩૨૪૫ ૪૧૭૭૯ / **માલતી ન. ખોના** - મો. : ૦૭૬૬૬૯ ૧૯૪૪૯
**રમેશ પદમસી શાહ (દંડ) (ઘાટકોપર-ભરૂડિયા)** - મો. : ૦૯૮૧૯૭ ૯૩૬૧૦ નિવાસઃ ૦૨૨-૨૫૦૧ ૫૪૮૬

## જીવનચક્ર

### જન્મ ભુલ સુધાર

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૦૧-૧૬ | ઈંદોર | આરનવી, સલોની જીનેશ જયેશ લાલકા | લાલા | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦-૦૨-૧૬ | વડોદરા | નયન મુલચંદ ચત્રભુજ લોડાયા (કાકણ) | સાંધાણ | ૨૯ |
| | થાણા | ખુશ્બુ જયપ્રકાશ રતીલાલ દામજી દંડ | લુણી | ૨૭ |
| ૨૧-૦૨-૧૬ | ડોમ્બીવલી | પ્રિતેશ લહેરચંદ શામજી ગાલા | તેરા | ૩૦ |
| | ડોમ્બીવલી | ઉર્મી ચેતન શાંતિલાલ મોમાયા | નલિયા | ૨૫ |

### અંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦-૦૨-૧૬ | મુલુંડ | વૈભવ પીનાકીન જેઠાભાઈ છેડા | નલિયા | ૨૭ |
| | અમેરીકા | નીરાલી નિર્મલ શાંતિભાઈ ગડા | બડા | ૨૫ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨-૦૧-૧૬ | મુલુંડ | યશેશ હંસકુમાર ગોશર | બાયઠ | |
| | બેંગ્લોર | મિતાલી પંકજ ધરમશી | કોઠારા | |
| ૨૬-૦૧-૧૬ | રાયપુર | મીત ગિરીશ રતીલાલ શીયાડ | જખૌ | ૨૮ |
| | | ભક્તિ ગિરીશ ખીમજી મૈશેરી | જખૌ | ૨૪ |
| ૩૧-૦૧-૧૬ | અમલનેર (દુબઈ) | ધનેશ છત્રપતી જેઠાભાઈ મૈશેરી | લાલા | ૩૫ |
| | ખામગામ | અંકિતા ચેતન ગોવિંદજી લોડાયા | કોઠારા | ૨૭ |

### અંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૯-૦૧-૧૬ | ભોપાલ | પ્રિયાંશ સુધીર વાલજી મોતા | વાંકુ | ૨૮ |
| (ભુલ સુધાર) | ભોપાલ | હિમાંશી રાજેન્દ્ર કોચર જૈન | નાગદા | ૨૫ |
| ૩૧-૦૧-૧૬ | નેરૂલ | અંકુર શરદભાઈ શાહ | પેથાપુર | ૨૬ |
| | નેરૂલ | પુનમ ભરતભાઈ દંડ | સેવક ભરૂડીયા | ૨૬ |
| ૧૧-૦૨-૧૬ | પારોલા | હેમંત ગુલાબચંદ લખમશી નાગડા | - | ૪૫ |
| | – | પ્રીતિ દાદારાવ બડાસે | ગોંદિયા | ૩૬ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૦૨-૧૬ | જલગામ | મોરારજી પદમશી હંસરાજ પોલડીયા | ગોએરસમા | ૮૯ |
| ૨૫-૦૨-૧૬ | બીડ | યામિની નરેન્દ્ર જીવરાજ લોડાયા | મોટી સિંધોડી | ૫૯ |
| ૨૫-૦૨-૧૬ | ખામગામ | ઉપેન્દ્ર ભવાનજી મોમાયા | જખૌ | ૫૬ |
| ૨૫-૦૨-૧૬ | વારાપધર | લહેરચંદ શિવજી વિકમશી | વારાપધર | - |
| ૨૭-૦૨-૧૬ | અમદાવાદ | રાયચંદ કેશવજી નાગડા | નલિયા | ૭૯ |

## નેપાળના હિમાલય સાથે દોસ્તી

૧૯મા પાનેથી ચાલુ

હિમાચલ પ્રદેશમાં નભની અટારીએથી ડોકાતાં મેઘસ્પર્શી, હિમાચ્છાદિત શિખરો, લદ્દાખના સૂકાભઠ, સ્લેટિયા રંગના અને ઊંચાઇમાં દુનિયામાં નામ કમાયેલા પર્વતીય માર્ગો ધરાવતા પર્વતો, એમની પડખે વહેતી સરિતા સિંધુ, કાશ્મીરમાં સ્વર્ગીય અનુભૂતિ કરાવતો હિમાદ્રી, તો નેપાળમાં આ જ હિમાલયના અપ્રતિમ નજારાનાં દર્શન થાય.

નેપાળનો હિમાલય સુપ્રાપ્ય અને પોતીકો લાગે. એનું એક કારણ પર્વતો પર આવલાં નાનાં નાનાં ગામોમાં રહેવા-ખાવાની સગવડ મળી રહે છે. વળી નેપાળ બાજુના હિમાલયને માણવા માટે ખાસ આયોજનની પણ જરૂર નથી, ટી-શોપ ટ્રેક તરીકે ઓળખાતા ટ્રેકિંગના અનેક રસ્તાઓ ત્યાં પર્વતે પર્વતે કંડારાયેલા છે. પર્વતો અને નદીઓની હાકલ આવ એટલે એક રકસેકમાં થોડાં કપડાં અને જીવન-જરૂરિયાતની મૂળભૂત ચીજો નાખીને બે-પાંચ મિત્રો સાથે નીકળી પડવાનું. સપ્ટેમ્બર અથવા માર્ચના ઉત્તરાર્ધથી મધ્ય મે સુધીનો સમય હિમાલયમાં રખડપટ્ટી કરવા માટે ઉત્તમ છે.

ટ્રેકિંગ દરમિયાન હિમાલયને મન ભરીને માણ્યો છે. કાલી ગંડકી, દૂધકોશી, ત્રિશૂલી જવી વિશાળ નદીઓને ઊંચાઇ પરથી ખીણમાં વહેતી જોવી કે ઝૂલતા પુલો પર નદીઓને વટાવતાં શરીરમાંથી આનંદની તો ક્યારેક સાહસની લહેર પસાર થતી અનુભવવી એ અહીંના હિમાલયમાં ડગલે ને પગલે શક્ય બને છે. હિમાલયમાં એકવિધતા નથી તેનું એક કારણ વિવિધ ઊંચાઇએ પર્વતો વિવિધ સ્વરૂપે પ્રગટ થાય છે. પાંચ-સાત હજાર ફૂટ સુધી ઘણે ભાગે ચીડ, દેવદાર વગેરે વૃક્ષાની ઘેરી ઘટા કે જંગલોમાંથી પસાર થવાનું હોય. દસ હજાર ફૂટ પછી હરિયાળી અદ્રશ્ય થઇ જાય અને અલપઝલપ વનસ્પતિ જોવા મળે. એ પછી શરૂ થાય હિમનું સામ્રાજ્ય!

હિમાલયમાં હોઇએ ત્યારે સૌ સવારે વહેલા ઊઠીને ચાલવાનું શરૂ કરી દઇએ. બપોર ઢળે તાં સુધીમાં આગલા મુકામે પહોંચી જવાનું લક્ષ્ય હોય. અ ગામથી બીજા ગામ સુધી પહોંચવાનું અઘરું નથી. ગામમાંથી નીકળતાં પહેલાં યજમાન સાથે વાતચીત કરી રસ્તા વિશે જાણી લઇએ. રસ્તામાં લોકો મળે એમને પૂછપરછ કરીને ખાતરી કરી લઇએ. ટ્રેકિંગ શરૂ કરતાં પહેલાં હોમવર્ક કરેલું હોય. રાતે પથારીની અને ભોજનની વ્યવસ્થા રસ્તામાં આવતા કોઇપણ ગામમાં થઇ જાય છે, કેમ કે પર્વતોમાં વસતાં ઘણાં કુટુંબોની આજીવિકા જ મહેમાનોની વ્યવસ્થા કરવામાંથી નીકળે છે.

હિમાલયી પર્વતોમાં દસ-પંદર હજાર ફૂટની ઊંચાઇએ આવેલાં નાનાં ગામેમાં રહેવાનો અનુભવ અવર્ણીય આનંદની અનુભૂતિ કરાવે છે. નભ પરથી ઝૂકું ઝૂકું થતાં વાદળ, ક્ષિતિજ પર ઝળૂંબતાં હિમાચ્છાદિત શિખરો, હવામાં ઠંડીની તીખાશ અને તાજગી, ચોતરફ છવાયેલી કંઇક રહસ્યમય રમણીયતા અને હાથમાંના ચાના કપમાંથી આવતી ઉષ્માભરી વરાળ! થાય કે બસ જિંદગીમાં આનાથી વધુ કશાયની જરૂર નથી.

ગેસ્ટહાઉસમાં સાંજે વિવિધ દેશામાંથી આવેલા ટ્રેકરોનો મેળાવડો જામે, સળગતી આગની આસપાસ સૌ ગોઠવાય. સમાચારોના આદાનપ્રદાન સાથે રસભર્યા વાર્તાલાપ થાય. અનેક દેશોના ટ્રેકર્સને નેપાળના હિમાલયનું અદમ્ય આકર્ષણ હોય છે. તેથી દુનિયાભરના લોકાના સંપર્કમાં આવવાનો અહીં જે સુયોગ સાંપડે છે તે અમૂલ્ય છે.

લગભગ તેરથી પંદરેક હજાર ફૂટની ઊંચાઇ પર આવેલા અંતિમ મુકામે પહોંચાય ત્યારે આખા ટ્રેકની જહેમતનો બદલો મળે એવા કુદરતના અનુપમ રૂપનાં દીદાર થાય. એ ઉપરાંત જ્યાં કોઇ વાહન ન પહોંચી શકે અને જ્યાં માત્ર બે પગ લઇ જઇ શકે, એવી જગ્યાએ પહોંચતાં કરેલી મહેનત લેખે લાગ્યાની યથાર્થતાની ભાવના અનુભવાય.

ભોમિયા વિના જો ડુંગરા ભમવા હોય તો નેપાળના હિમાલયથી ઉત્તમ શું હોઇ શકે? ત્યાં કોતરો ને કંદરાઓ વાટમાં મળવાની પૂરી ખાતરી અને ઝરણાં તો આપણી તરસ છીપાવવા પોતાનું શીતળ જળ ખુલ્લાં દિલે ધરવાનાં!

---

## નવા યુગની જૂની રસમ : હરતુંફરતું ઘર - **શૈલેષ રાવલ** - તસવીર-એ-બયાં, દિવ્ય ભાસ્કરમાંથી સાભાર



આપણી અનેક પૌરાણિક પરંપરા નવા યુગમાં નવા નામ સાથે રજૂ થાય છે. એવી જ એક પરંપરા એટલે આ કચ્છી માલધારીઓની જીવનશૈલી. સેંકડો જોજનની રઝળપાટ તેમને મન હરતુંફરતું સુખ છે. વરસાદની આ મોસમ પૂરી થાય, શિયાળો થોડો હળવો બેન અને વાસંતી વાયરો પ્રગટે એ ટાણે આવાં કુટુંબો પોતાના ઊંટ, ઘેટાં, બકરાં સાથે પાણી અને પશુ ખોરાકની શોધમાં નીકળી પડે છે. આગળ તેમનો ચોકીદાર લાલિયો-કાળિયો કૂતરો હોય, વચ્ચે ઊન આપતાં ઘેટાં-બકરાં અને ઊંટની સવારી ઉપર તેમનું હરતુંફરતું ઘર. ઊંટની પીઠ ઉપર જ ડાઈનિંગ હોલ, કિચન અને શયનખંડ બધું જ સાગમટે નજરે પડે. નાનાં બાળબચુડિયાં ઊંધની સવારી કરતાં તેમની મસ્તીમાં મસ્ત છે. દુઃખ તો આપણે પેટ ચોળીને ઊભું કર્યું હોય છે. આ પરિવારને જોશો અને તેમના સુખની અનુભૂતિ કરશો તો તમારાં બધાં જ દુઃખ વામણાં બની જશે.

---



# નેપાળના હિમાલય સાથે દોસ્તી - ચંદ્રિકા લોડાયા

**હિમાલયમાં ફરશો એટલે પ્રકૃતિના અનુપમ રૂપના દીદાર થશે.**
**અહીં કોતરો અને કંદરાઓ રસ્તામાં મળવાની પૂરેપૂરી ખાતરી છે.**









પર્વતો અને નદીઓ સાથેના મારો નાતો કદાચ ગત જન્મનો હશે તેથી નાની વયથી મને એનું પ્રબળ આકર્ષણ રહ્યું છે. કદાચ એને લીધે ટ્રેકિંગનો શોખ કેળવાયો અને આ શોખે વિવિધ પર્વતો ખૂંદવાના અને નદીઓને મળવાના સુઅવસરો આપ્યા. જેમની સાથે ઓળખાણ થઇ છે એવા પર્વતોને યાદ કરવા બેસું છું તો સ્મૃતિપટલ પર ભીડ જામે છે. દરેક પર્વત ગર્વથી શિખર ઊંચું કરીને પોતાની હાજરીની નોંધ લેવાની ફરજ પાડે છે. કોને સ્મરું અને કોને વિસરું હું ?

આંખ બંધ કરીને કોઇ એકનું જ ચિંતન કરવાનું ઠેરવ્યું તો સ્વાભાવિક રીતે સૌપ્રથમ નગાધિરાજ હિમાલય ચક્ષુઓ સમક્ષ આવે છે. શાં એનાં રૂપ અને કામણ! એની વિશાળ પર્વતમાળાના કોઇપણ ભાગમાં જઇએ તે પહેલાં ન જોયેલી નાવીન્યપૂર્ણ છટા દ્રષ્ટિગોચર થાય. દેવભૂમિ ઉત્તરાખંડમાં ઉછળતી, કૂદતી, મુગ્ધાવસ્થામાં આવેલી કન્યા જેવી, ક્યાંક તોફાની બાળકી જેવી નદીઓને ગોદમાં પ્રેમથી ખેલવા દેતા, હરિયાળી અને ફૂલોથી અલંકૃત પહાડો.

અનુસંધાન પાના નં. ૧૮ પર







## જ્ઞાતિ પ્રતિભા : વાર્તા - નાટક અને પ્રવાસ વર્ણન ક્ષેત્રે સિધ્ધહસ્ત કલમ

## શ્રીમતી ચંદ્રિકા ભુપેન્દ્ર લોડાયા (જખૌ - પુના)



ચંદ્રિકાબેનને નાનપણથી વાંચવાનો ખૂબ શોખ, શાળાના સમયથી જ વાર્તાઓ લખવાનું શરૂ કર્યું. શાળાના મેગેઝીનમાં વાર્તાઓ લેવામાં આવતી ને સૌ પ્રથમ વાર્તા તે વખતે પ્રસિધ્ધ થતા સવિતા માસિકમાં પ્રકાશિત થઈ. ત્યાર બાદ અખંડ આનંદ, નવનીત-સમર્પણ, જન્મભૂમિ વગેરેમાં અવારનવાર નવલિકાઓ પ્રસિધ્ધ થતી રહી છે. પ્રવાસ અને ટ્રેકિંગનો શોખ હતો, અને એ પૂરો કરવાના અવસર પ્રાપ્ત થતા રહ્યા.

હિમાલયમાં, ખાસ કરીને નેપાળ બાજુના હિમાલયના અનેક ભાગોમાં ટ્રેકિંગ કર્યું. કે.ડી.ઓ. નાં યુવાન-યુવતીઓ માટે સહ્યાદ્રીમાં ચારેક વખત ટ્રેકિંગનું આયોજન કર્યું. પ્રવાસ દરમ્યાન ડાયરી લખવાની ટેવ હતી તે ખૂબ કામમાં આવી. ૨૦૦૫માં પૂનાના મહારાષ્ટ્ર હેરલ્ડ માટે પ્રવાસની કૉલમ લખવાનું ચાલુ કર્યું, કૉલમ દોઢ વરસ ચાલી. હાલમાં દર ગુરૂવારે બહાર પડતી જન્મભૂમિની પૂર્તિ યાત્રાભૂમિમાં 'વિદેશયાત્રા' કૉલમ લખવાનું ચાલુ છે.

સાહિત્ય સંસદના ઉપક્રમે યોજાયેલી એકાંકી નાટ્ય સ્પર્ધા માટે લખાયેલા તેમના એકાંકીને વિજયી નાટકોમાં સ્થાન મળ્યું અને એ પુસ્તકાકારે પ્રગટ થયું. નવલિકાસંગ્રહ 'ભવોભવ'ને મહારાષ્ટ્ર ગુજરાતી સાહિત્ય અકાદમીનું ૨૦૧૩ માટેનું પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયું. આ ઉપરાંત તેમની એક નવલિકા પરથી અમદાવાદના દૂરદર્શન કેંદ્ર માટે એક એપિસોડ બનાવવામાં આવ્યો હતો.

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2016
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

# સ્મૃતિમાં રહો.... સુકૃત પ્રેરતા રહો !



જન્મ :
તા. ૧૦-૨-૧૯૩૯

અરિહંત શરણ :
તા. ૩-૩-૨૦૧૫

## સુશ્રાવક શ્રી રાયચંદ હંસરાજ ધરમશી

ગામ : સુથરી - હાલ : વરલી

દાન - ધ્યાન - ધર્મ ધ્યાન....
કે સાધર્મિકોને રહેવાના મકાન.... સ્વીકાર્યા દરેક આહ્વાન
જીવનની દરેક પળ સાર્થક કરવાના રાખ્યા અરમાન....
.... ને મેળવ્યા ઘણા સાધિકાર સન્માન !
દેહાંતેય સુકૃત પ્રેરતા રહો....
.... ને સદાય સ્મૃતિમાં રહો....!!!

- પ્રકાશ સમીક્ષા સમિતિ

**સાચી શ્રધ્ધાંજલિ :** એમના સુપુત્રોએ શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલના માધ્યમે જ્ઞાતિની શ્રી શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટને રૂા. ૧૦ કરોડના કોર્પસ ફંડના વ્યાજની રકમ શિષ્યવૃતિ અને લોન જ્ઞાતિ વિદ્યાર્થીઓને આપી જ્ઞાન પ્રસારના કાર્યમાં વાપરવાનો સંકલ્પ કરી એમને સાર્થક શ્રધ્ધાંજલિ આપી છે, એ અનુકરણીય સુકૃતની ભાવભરી અનુમોદના.

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,